શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/- ઓક્ટોબર - ૨૦૦૬

## નવા વર્ષની નવપ્રભાતે

માણસ સૌના પરિચયમાં આવે છે પણ પોતાના પરિચયમાં રહેતો નથી અને એટલે જ એ પોતાની જાતને ઉજવતો નથી ને સુખ માણી શકતો નથી. આવો, આ નવા વર્ષની નવલી સવારે આપણે સૌ સાથે મળી દિવાળીના આ શુભ પર્વે આપણી જાતને ઉજવીએ. માલિક કે ગુલામ એવા સ્વ-પ્રેમમાંથી સર્વ તરફ વળીએ. આ સ્વમાંથી જ સ્વજનો થતાં હોય છે, ને સ્વજનોના વિકસતા વર્તુળ સાથે આખો સંસાર વસુધૈવ કુટુંબકમ બની રહે અને સહુ સુખી થાય એવી દિલની પ્રાર્થના સાથે સહુને નવા વર્ષના સાલમુબારક.

*રેશમ જેવી હસતી રમતી આવશે નવપ્રભાત*
*આકાશમાંથી પ્રકાશ આપવા પધારશે નવપ્રભાત*
*ખોબા ખોબા ભરી મીઠી ખુશીઓ લાવશે નવપ્રભાત*
*ઝગમગ ઝગમગ દીવડા થશે, ઉજ્જવળ ભવિષ્ય લાવશે નવપ્રભાત.*

*- સંકલન*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## આયોજીત

## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધારીવાલા) પુરસ્કૃત

# ૫૫મો વાર્ષિક રસોત્સવ

---

**તા. ૨૯–૧૦–૨૦૦૬ના રવિવારે સવારે ૯.૦૦ કલાકે.**

**સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ.**

# તમે હસતું મોઢું રાખો

## મુખ્ય મહેમાન : શ્રી શશીકાંત મણીલાલ ગાંધી

**નાટકના પાસ વહેલો તે પહેલોના ધોરણે**

**તા. ૨૨–૧૦–૨૦૦૬, રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે**

૧. પ્રગતિ સમાજની ઓફિસથી (બાબુગેનુ રોડ),

૨. બાંદ્રાથી ગોરેગામ શ્રી હિમાંશુ હરીશ દેસાઈના ઘરેથી (અંધેરી - ઈસ્ટ),

૩. મલાડ થી વિરાર - શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહના ઘરેથી (બોરીવલી - વેસ્ટ)

**કુટુંબ દીઠ એક વ્યક્તિને ફક્ત બે જ પાસ આપવામાં આવશે.**

| પ્રમુખ | મંત્રી | સંયોજક : |
|---|---|---|
| શ્રી અસીત દેસાઈ | શ્રી પ્રદીપ કડકીઆ | શ્રી શિરીષ પરીખ |

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૭ | ૧૪-૧૦-૨૦૦૬ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

⁕

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

⁕

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# રસ્તો ખૂટ્યો સાગર કિનારે

***તંત્રી સ્થાનેથી***

અદિતી એરપોર્ટથી આવીને સોફામાં જ ફસડાઈ પડી, ડુસકાં ભરતાં ભરતાં થાક અને વ્યથાથી ક્યારે નીંદરના શરણે થઈ ગઈ એની ખબર જ ન પડી. સવારે એલાર્મ રણક્યાનો ભાસ થયો પણ ના, એલાર્મનો અવાજ નહોતો, ઘરમાં કોઈ ચહલપહલ નહોતી, ઘણા વર્ષે બહાર પંખીઓના કલરવ પ્રત્યે અદિતીનું ધ્યાન ગયું. કાગડો કા કા કરતો હતો પણ અદિતીને ખબર હતી, કોઈ આવવાનું નહોતું.

રોજ સાડાપાંચમાં ઊઠીને દોડાદોડ કરતી અદિતીને આજે જાણે કંઈ જ કામ નહોતું. નિશાંત એની આદત મુજબ તૈયાર થઈને ડાઈનિંગ ટેબલ ઉપર છાપું વાંચતો બેઠો હતો. આજે વર્ષો પછી એણે ટેબલ ઉપર ચાની સાથે અદિતીને પણ જોઈ. વીસ વર્ષ પછી આજે પહેલી વાર સવારે નિશાંત અને અદિતી સાથે ચા પીવા બેઠા હતા. આ વીસ વર્ષોમાં આવી શાંત સવાર જ ક્યાં આવી હતી.

રોહન બે વર્ષનો થયો ત્યારે મોટું સંયુક્ત કુટુંબ છોડીને બન્ને જણ પાર્લાના એક બેડરૂમના ફ્લેટમાં રહેવા આવ્યાં હતાં. ત્યાર બાદ પીંકીનો જન્મ થયો અને અદિતી છોકરાઓના ઉછેરમાં લાગી ગઈ હતી. રોહનને તૈયાર કરવાનો, સ્કૂલે મુકવા જવાનો, નિશાંત માટે લંચ બોક્સ ભરવાનું, પીંકીને સાચવવાની, સ્કૂલેથી લેવા જવાનું, એની સાથે રમવાનું, નવી નવી વાર્તાઓ કહેવાની, પોએટ્રી શીખવવાની, ઘરનું કામ, ક્યારેક

બહારથી રડતો રડતો આવતો રોહન અને સાથે ભેંકડો તાણતી પીંકી, બન્નેને શાંત રાખતાં અદિતીના નાકે દમ આવી જતો. પણ જ્યારે રોહન ખોળામાં પીંકીને સુવાડી બાટલીથી દૂધ પીવડાવતો ત્યારે એને જોઈને એનો થાક ને આવેશ ક્યાંય ખોવાઈ જતો.

પીંકી ત્રણ વર્ષની થઈ એટલે અદિતીએ એને નર્સરીમાં મૂકી. પોની વાળેલી સુંદર લાલ ફ્રોકમાં નાનકડી બેગ અને વોટર બોટલ સાથે તૈયાર થયેલી પીંકીને લઈને એ જ્યારે પહેલે દિવસે નર્સરી સ્કૂલમાં પહોંચી ત્યારે પીંકી ખૂબ રડેલી, મમ્મી સાથે પાછા જવા. ધીરે ધીરે છોકરાઓ મોટા થવા લાગ્યા પણ બન્નેને અદિતી વગર એક મિનિટ ન ચાલે. મમ્મી મારું માથું ઓળી આપને, પીંકી બૂમ પાડે ને મમ્મી શૂઝને લેસ બાંધી આપ, લંચ બોક્સ આપ, ટાઈ બાંધી આપ રોહન બુમો પાડે, અદિતી ઘણી વાર કંટાળીને બોલી ઊઠતી આટલા મોટા થયા તો પણ જાતે માથું ઓળતી નથી ને ટાઈને શૂઝની લેસ બાંધતા આવડતી નથી. ક્યારે જાતે કરતાં શીખશો ? પણ બન્ને જણ ધરાર બેસી જ રહેતા અદિતીની રાહ જોતા. અદિતી મોઢું ચઢાવીને પણ બન્નેની ઈચ્છા પૂરી કરતી અને પછી બન્નેને ટપલી મારી હસી પડતી તમને મમ્મી વગર ચાલશે જ નહીં.

રજાનો દિવસ હોય એટલે બન્ને છોકરાઓ નિશાંતમય બની જતા. નિશાંત બન્નેને નવી નવી ગેમ રમાડતો, નવી નવી બુકો વાંચીને સમજાવતો. ચારે જણ સાથે જ પિકનિક ઉપર નીકળી પડતા. રોક ક્લાઈમ્બિંગ કે બોટિંગ કે પછી નેશનલ પાર્કમાં પક્ષીઓ જોવા માટે જંગલ જેવા વાતાવરણમાં રખડવું અદિતીની ના છતાં પણ ત્રણે જણ એને પાર્કમાં મુકીને નીકળી પડતા. બહારગામના પ્રવાસમાં પણ નિશાંત બધું છોકરાઓ ઉપર છોડી દેતો. અદિતી કહ્યા કરતી હતી નાના છે, ક્યાય ભૂલા પડી જશે, ખોવાઈ જશે, કોઈ એમને છેતરી જશે પણ નિશાંતને પુરો ભરોસો બન્ને ઉપર.

ધીરે ધીરે પીંકીને રોહન આત્મનિર્ભર થવા લાગ્યા. અદિતીનું ઓળેલું માથું પીંકી પાછું પોતાની રીતે ઓળવા લાગી. નર્સરીના દરવાજે માનો હાથ ન છોડતી, રડતી કકળતી પીંકી પોતાની સહેલીઓ સાથે એકલી ફરવા જવા લાગી. રોહન હવે જાતે જ શૂઝની લેસ અને ટાઈ બાંધવા લાગ્યો. છતાં પણ અદિતીનો હાથ લંબાઈ જતો. 'મોમ હવે હું મોટો થઈ ગયો છું.' આ સાંભળીને અદિતીને હૃદયમાં ક્યાંક ખુશી સાથે અજંપો પણ આવી જતો. પણ અદિતીને મન છોકરાઓ હજી નાના જ હતાં. બન્નેના ટ્યુશનનો ટાઈમ સાચવવાનો, બન્નેને સમયસર ઊઠાડવાના, બેગ, લંચ તૈયાર કરી આપવાના. વાંચતા હોય ત્યારે ટેબલ ઉપર ચા નાસ્તો આપવાના, વાંચતાં વાંચતાં મોઢા ઉપર જ ચોપડી નાખીને સૂઈ જતાં. પીંકી - રોહનને પલંગ ઉપર લઈ જઈ સુવાડવાના, એમના મિત્રોના ફોન કોલ્સના મેસેજ લેવાના, ઘરે યોજાયેલ પાર્ટીઓમાં મિત્રોની સરભરા કરવાની. સમય જ ક્યાં હતો અદિતી પાસે. ઈનામમાં રોજ પીંકી અને રોહન બહાર જતાં એક કીસ કરીને 'મોમ આઈ લવ યુ' બોલી જતાં અને અદિતીને પોતાનું જીવન સાર્થક લાગતું. છોકરાઓ પોતાનાથી દૂર થતાં જાય છે એ વિશાદ એક કીસ અને એક પ્રેમાળ શબ્દમાં ભૂલાઈ જતો.

પણ કાલે બન્ને જણા અમેરિકા જતાં રહ્યા. રોહન એમબીએ અને પીંકી ફીઝીયો થેરાપીનું આગળ ભણવા. ગયા તો ફક્ત ભણવા પણ અદિતી જાણતી હતી. અમેરિકા જનારું કોઈ ત્યાંથી પાછું આવતું જ નથી.

બન્નેને પ્રેમથી, આંખમાં આસું સાથે થોડા સ્મિત સાથે વિદાય તો આપી આવી, પણ ઘરે આવતાં જ એ સોફામાં ફસડાઈ પડી. વર્ષોથી અદિતી દોડતી હતી. મંજીલની ખબર ન હોવા છતાં પણ સતત દોડતી અદિતીની સામે અચાનક એક અફાટ સાગર આવી ગયો, આગળ દોડવાનો રસ્તો જ નહોતો. બસ અહીં જ સાગરકિનારે હવે બેસી રહેવાનું છે. ક્યારેક કોઈ નાવ લઈને પેલે પારથી આવશે એની રાહ જોઈને. ત્યાં જ એની નજર બાજુમાં ઊભેલા નિશાંત ઉપર પડી. ના એ સાવ એકલી નહોતી, આટલા વર્ષોથી નિશાંત સાથે નહોતો એવું નહોતું પણ છોકરાઓ પાછળની દોડમાં અદિતીની નજર ક્યારેય સાથે દોડી રહેલા નિશાંત તરફ ગઈ જ નહોતી. આજે સાગર કિનારે બન્ને જણા એકલા હતાં, પણ હવે એકબીજાની સાથે હતા. હવેનું જીવન ફક્ત એકમેક તરફ જતું હતું. હવે તેઓએ શોધવા પડશે સોશિયલ ગ્રુપો, સાંસ્કૃતિક મંડળો, સત્સંગ મંડળો અને કિટી પાર્ટીના ગ્રુપો, મહિલા મંડળો અને ગાર્ડન ગ્રુપો જ્યાં તેમને મળશે પોતાના જેવા જ અમેરિકાથી કે ઓસ્ટ્રેલિયાથી પંદર દિવસ મહિના માટે આવતાં છોકરા કે છોકરીઓની રાહ જોતાં મા-બાપો અથવા તો નજીક છતાં મનથી વિખુટાં પડી ગયેલા સંતાનોના મા-બાપો. અદિતીએ ચાનો કપ મોઢે માંડ્યો પણ ચા કરતાં એનો સહજ સરી પડેલો નિઃસાસો વધુ ગરમ હતો. નિશાંત માથે હાથ ફેરવી અદિતીને શાંત પાડવાનો નિષ્ફળ પ્રયત્ન કરતો રહ્યો અને ચારે આંખો ક્ષિતિજ તરફ મંડાઈ રહી.

- *નિખિલ પરીખ*

# દીપ પર્વ- દિવાળી

### એક યથાર્થ અવલોકન

દીપ પર્વ- દિવાળી સમજણને સંમાર્જિત કરવાની એક નિયમિત તક છે. દીપોત્સવ એટલે અટકળોનું અવસાન, વિકલ્પોનો વિલય, અને સંકલ્પો નો જન્મ

ઉત્સવને ઠસ્સો નથી જોઈતો. જીવન જીવવાનો સૌમ્ય જુસ્સો જોઈએ છીએ દિવાળી સાચા અર્થમાં દર્શનનું પર્વ છે. પ્રદર્શનનું નહીં પણ આજના અર્વાચીન યુગમાં આ તહેવાર પ્રદર્શનનું એક માધ્યમ બની ચૂકેલ છે.

પરસ્પરને શુભેચ્છા પાઠવવાનો આ તહેવાર દિવાળી કાર્ડ ના કાગળને પણ દિલદારી નો દસ્તાવેજ બનાવી દે છે નવો સમય - નુતન વર્ષનૂં આગમન સ્વજનના આંગણીએ ''તથાસ્તુ'' નો તુલસી કયારો બને છે.

દીપાવલી પર્વ એટલે સર્વોદયની સુમંગલ સાધના હા કેવળ પ્રકાશને જ નહીં અંધકારને પણ આ પર્વ સત્કારે છે. તેથીજ દીપાવનીની દીપમાલા વચ્ચે ''અમાસ'' અકબંધ રહે છે. જાણે આ રંગોળીમાં કાળા રંગને પણ ભાગ લેવા નિમંત્રણ મળે છે આ પર્વ એ તેજલ તથ્યને પુષ્ટ કરે છે કે કાળુ કર્મ એ દોષ છે. અંધારૂ ખરાબ નથી પણ અંધેર ખરાબ છે. દીવો ન પ્રગટી શકે એ અમંગળ નથી પણ માનવતાનો દીવો હોલવાય તે પર્વધાતક બીના છે દિવાળી એટલે આંતરિક ઉલ્લાસનું અખિલ માનનીય અધિવેશન દિવાળી એટલે મનનો મહોત્સવ ધનવાન હોવા કરતાં મનવાન હોવું મહત્ત્વનું છે. રૂપીયાથી તહેવાર ખરીદી શકાય છે. પણ પામી શકાતો નથી. રંગત કદી રૂઆબને વશ નથી થતી રસને વશ થાય છે. માટેજ આપણો અભિગમ એજ ઉત્સવ અને તે પ્રત્યેની નિષ્ઠા એજ ઉત્સવનો પરમ આનંદ. ☆ ☆ ☆ ☆ ☆

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ દાતાઓનો સન્માન સમારંભ

સમાજને ઉમદા દાન આપનાર બાલાસિનોરના સખાવતી દાતાઓનો સન્માન સમારંભ પ્રમુખ શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈના પ્રમુખસ્થાને રવિવાર તા. ૫-૧૧-૨૦૦૬ના રોજ યોજેલ છે.

આપણા સમાજના ઉદારદિલ દાતાઓનું ગૌરવ વધારવા અને સમારંભને યશસ્વી બનાવવા આપશ્રીને પધારવા અમારું આગ્રહભર્યું આમંત્રણ છે.

સભાના મુખ્ય મહેમાન - શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા.

આજના શુભ પ્રસંગના સન્માનીય સખાવતી દાતાઓ.

(૧) શ્રી રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ
(૨) શ્રી જમનાદાસ મગનલાલ ગાંધી
(૩) શ્રીમતી કોકિલાબેન બાબુલાલ પરીખ (બીસી)
(૪) શ્રીમતી કોકિલાબેન બિપીનભાઈ ઝવેરી,
(૫) શ્રીમતી જયશ્રીબેન વ્રજેશભાઈ દેસાઈ
(૬) શ્રીમતી કુસુમબેન નવનીતલાલ કડકીયા
(૭) શ્રીમતી પદ્માબેન પ્રવીણચંદ્ર દેસાઈ (દેડકી)
(૮) શ્રી કિર્તનલાલ મોહનલાલ શાહ
(૯) શ્રીમતી દિપીકાબેન અશ્વિનકુમાર શાહ (ગુંથરીવાળા)
(૧૦) શ્રી રજનીકાંત કાંતિલાલ કડકિયા (લટકારી)
(૧૧) શ્રીમતી લીલાબેન બાબુલાલ દેસાઈ અને ડો. બાબુલાલ સાકરલાલ દેસાઈ
(૧૨) શ્રીમતી પ્રતિમાબેન અરવિંદ પરીખ અને શ્રી અરવિંદ ચંદુલાલ પરીખ
(૧૩) શ્રીમતી હીનાબેન અસીતભાઈ ધારીયા
(૧૪) શ્રીમતી શાંતાબેન કીર્તનલાલ ગાંધી (પાકા)
(૧૫) શ્રીમતી સુશિલાબેન જયંતીલાલ કડકિયા (ધંગેલા)
(૧૬) શ્રી મયૂરભાઈ ચીમનલાલ પરીખ (ભગત)
(૧૭) શ્રીમતી ચંદ્રકાન્તાબેન કાંતિલાલ દેસાઈ.

સમારંભમાં મ્યુઝીક ઓરકેસ્ટ્રાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સમારંભ બાદ ૧૨.૩૦ કલાકે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવે છે જે સભ્યોને રૂા. ૭૫ વ્યક્તિ દીઠ ભરી પ્રગતિ સમાજની ઓફિસમાંથી તા. ૧૬-૧૦-૨૦૦૬ થી ૩-૧૧-૨૦૦૬માં મેળવી લેવા વિનંતી.

**સમારંભનું સ્થળ : શ્રી બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ. મુંબઈ. સમય : સવારે ૯.૩૦ કલાકે તા. ૫-૧૧-૨૦૦૬, રવિવાર.**

*લિ. માનદ મંત્રી*

***શ્રી પંકજ કા. ધારીયા, શ્રી ભદ્રેશ પ્ર. ધારીયા.***

(આ સમારંભ શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળની સાથે યોજવામાં આવ્યો છે.)

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

**તથા**

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળના સખાવતી દાતાઓનો સન્માન સમારંભ

---

## તા. ૫-૧૧-૨૦૦૬ રવિવાર સવારે ૯.૦૦ વાગ્યે

**સ્થળ : શ્રી બીરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઇન્સ, મુંબઇ - ૪૦૦ ૦૦૨.**

**અતિથિ વિશેષ : શ્રી રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા)**

**૯.૦૦ થી ૧૦.૦૦ આનંદ પલવલકર - શેફાલીની મ્યુઝીક ઓર્કેસ્ટ્રા**

**૧૦.૧૫ થી ૧૨.૧૫ દાતાઓનું સન્માન.**

**૧૧.૩૦ થી ૧૨.૩૦ સંગીત કાર્યક્રમ**

**ત્યાર બાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.**

બાલાસિનોર દશાનીમા જ્ઞાતિની વ્યક્તિ **રૂા. ૭૫/-** ભરીભોજનના પાસ નીચેના સરનામેથી મેળવી શકશે.

(૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસ.

(૨) નિમીષ બુક ડેપો, ૩૦૯, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૩.

(૩) એબીસી ઈન્ડ કોર્પોરેશન, ૧૦૧ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩. (કિરીટભાઈ મલમ)

**બાલાસિનોર દશાનીમા જ્ઞાતિના સભ્યોને આ સમારંભમાં આવવા આમંત્રણ છે.**

---

**મંત્રી :**
પંકજ ધારીયા, ભદ્રેશ ધારીયા
**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ**

**મંત્રી :**
કિરીટ કડકીયા, અસીત દેસાઈ
**શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ**

# ઈશ્વરની સાથે બે વાત

હે ભગવાન,

સાલ મુબારક ! આ નવા વર્ષનાં નમસ્તે... કરું છું એમ કરીને, તારી અને મારી વચ્ચેના આટલા વર્ષોનાં સંબંધને જાણે, એક રીતે 'રીન્યુ' કરાવું છું. પાછલું વર્ષ કેવું તો ઝડપથી પસાર થઈ ગયું અને નવું વર્ષ ક્યારે આવી પૂગ્યું. ખબરેય પડતી નથી. ઘણી વખત એક દિવસ કે દિવસની એક સાંજ પસાર થતી હોતી નથી... ત્યાં વર્ષો ક્યાં વીતી જાય છે. સમયનો અસ્ખલિત પ્રવાહ, એક ક્ષણ માટે વિચારતા કરી મૂકે છે... અમારી દિવાળી અમે ધામધુમથી ઊજવીએ છીએ, તો તારી દિવાળી કેમ નહીં?... આ તો મારા દેવની દિવાળી. સવારથી જ ઘરમાં મંગળ, પવિત્ર વાતાવરણ વર્તાય છે. રોજ કરતાં સેવા, પૂજા, અર્ચના, પ્રાર્થનામાં વધારે ધ્યાન દેવાય છે. સાંજના સમયે ગામનાં ભક્તજનો તારા મંદિરે અવનવા દર્શન કરવાને ઊમટી પડે છે. તારી દિવાળી મનાવવાને નાની હતી ત્યારથી મંદિરે જઈને તારી દિવાળી ઊજવવાનું માહત્મ્ય હજી સુધી મનમાં સમાઈ ગયું છે. સચવાય રહ્યું છે.

આજે વર્ષો પછી મારા સ્મૃતિપટ પર એ સઘળું તરોતાજા થાય છે. સાંજની લાલીમા, વતનનું એ નાનું ગામ, શ્રીનાથજીની હવેલીનું એ ભવ્ય, રમ્ય, ખુશનુમા વાતાવરણ, વિશાળ રસ્તાની આજુબાજુ માણસોની સતત અવરજવર કેમ કે તે દિવસે તો તારી દિવાળી... ભક્તજનો મંદિરમાં, હવેલીમાં હોંશભેર દર્શન કરવા અચૂક આવતા હોય... મંદિરના પૂજાસ્થાનમાં તારું રૂપ તો સોળે કળાએ ખીલ્યું હોય, એ દર્શન કરવાનો લ્હાવો અનેરો હોય છે. મંદિરનાં પ્રાંગણમાં 'તુલસી વિવાહ' થતાં હોય, સ્ત્રીઓ અને પુરુષો ઉત્કટતાથી તારી સેવા કરતાં હોય, એક બાજુમાં વૃદ્ધ સ્ત્રી, ગાય માતાની સેવા, સાત સામગ્રીની સેવા એમ કહીને ભક્તોનું ધ્યાન દોરતી હોય... ત્યારે એ થાળીમાં ચાર-આઠ આના મૂકવાનો રોમાંચ થતો... આ સઘળા વાતાવરણની વચ્ચે મારા આકર્ષણનું મુખ્ય કેન્દ્રબિંદુ હોય પેલી, મોટી 'દીપમાળા', દીપમાળા તો ક્યારની પ્રગટેલી હોય એમાં મારા પાંચ દીવા હું પ્રગટાવું... દીવે... દીવો... પ્રગટાવું... જ્યોત સે જ્યોત જગાઓ...ની જેમ... જાણે કે મારા આંતરમનમાં એક ચિનગારી પ્રજ્વલિત થતી હતી... પહેલાનાં જમાનામાં દરેક ઘરે તુલસી ક્યારો હોય અને ત્યાં દીવો પ્રગટતો હતો. આજે આધુનિક જીવનશૈલીમાં તુલસીના પાન માર્કેટમાં લેવા જવા પડે છે. આજે સમય બદલાયો છે... પરંતુ મારું દિલ બદલાયું નથી. તારા પ્રત્યે હજુય એવું જ મુગ્ધ છે.

શ્રીનાથજીની હવેલીની એકદમ બાજુમાં મઘમઘતા ફૂલોની દુકાન ભલા કેમ કરીને ભૂલાય? એક જોઈએ ને એક ભૂલીએ એવા જાત જાતના પ્લાસ્ટિકના તોરણો, તેમ જ ભાત ભાતના ફૂલો, ફૂલના ગોટાં ને ફૂલનાં ગજરાં, ફૂલની વેણી ને ફૂલનાં તોરણ... બાજુની દુકાનમાં અવનવા અત્તરની મહેક... મને તો હંમેશાં જુઈના ફુલ ગમે, મોગરાનું અત્તર ગમે. તારી ગાદી પર જુઈના ફૂલ બિછાવું ને તને સુગંધિત કરતાં કરતાં હું ખુદબખુદ સુગંધમય થઈ જતી હોઉં એવો અહેસાસ થતો હોય છે... હે ભગવાન, તારી 'દેવની દિવાળી' મનાવવાનું મન હંમેશા બની રહે એમ ઈચ્છું છું...

*- સંકલન*

# પ્રભુ પરમ તેજે લઈ જા

હે ભગવાન,

હું અહીં આનંદમાં છું તું ત્યાં મજામાં હોઈશ. થોડા દિવસ પહેલાં દિવાળીનો તહેવાર હતો. અમો સૌ જનસમુદાય આ તહેવાર ધામધુમથી ઉજવીએ છીએ. આ તો તારી જીતનો જશ્ન છે. દિવાળીનો પવિત્ર પર્વ હોઈને હું તો તારા શણગાર વાસ્તે અને ઘરની સજાવટ માટે ચીજવસ્તુઓ લેવાને બજારમાં ગઈ હતી... આ શુભ ઉત્સવમાં મને દીવાનું આકર્ષણ અજબ રહે છે. ત્યાં તો જાતજાતના, ભાત-ભાતનાં, રંગબેરંગી, અવનવા દીવા જોઈને હું તો ખુશ થઈ ગઈ. આ બધા વિવિધ દીવાઓમાં મારી પસંદ હંમેશાં માટીના કોડિયારૂપી દીવાની જ રહેતી હોય છે. આ વખતે મેં લીલા કલરનાં, સુંદર, કલાત્મક માટીના કોડિયા લીધા. ઘરે આવીને, સાફ કરીને સજાવ્યા, હજુ સાંજ થવાને, રાત પડવાને થોડી વાર હતી.

અહીં અમારી એવી માન્યતા છે કે આ ચાર દિવસનાં શુભ અવસરે તું તારા સૌ દેવીઓ અને દેવતાગણ સાથે વિહાર કરવા નીકળે છે. જેઓના ઘર સ્વચ્છ અને સુઘડ હોય ત્યાં તને થોડી વાર થોભવું ગમે એ સ્વાભાવિક છે. હે, મારા પ્રભુ, જો તું આવવાનો હોય તો હું કેટલી ખુશમિજાજમાં હોઉં. એ કાંઈ કહેવાની વાત હોય ? મેં તો ખુશી ખુશી તારા આગમનના વધામણાથી દીવડા પ્રગટાવ્યા. તું આવી રહ્યો છે, એવી મનોમન કલ્પના કરી. ક્ષણભર મારા મનમાં ખુશીની મંજરી બજવા લાગી.

અમારા આંગણામાં દીવો પ્રકાશી રહ્યો હતો. કેટલાં અંધકારને હઠાવીને અજવાળા પથરાઈ રહ્યાં હતાં. આખો પરિસર પ્રકાશમાન થઈને ઝગમગી રહ્યો હતો... માત્ર એક દીવાને આધારે. આ દીવો પ્રજવળતો હોય છે ત્યારે હું કંઈ કેટલીય વાર સુધી એ તેલ ભરેલા કોડિયાને, રૂની વાટને અને એમાંથી જન્મતી, સર્જાતી જ્યોતને એકીટસે જોઈ જ રહ્યું છું... જોતી જ રહું છું... મારા દિલમાં અનોખા સ્પંદનો સર્જાય છે... હે, ભગવાન, બીજી જ પળે મને આ માટીના કોડિયા બનાવનાર એ અજાણ્યા, અભણ, ગરીબ, નિઃસહાય બાળકલાકારો યાદ આવી જાય છે. જેમનાં નાના નાના કુમળા હાથોથી કેટકેટલા ઘરોમાં અજવાળા પથરાય છે. મોટા ભાગે એ ભૂલકાંઓનું જીવન તો મજૂરી કરીને અંધકારમાં જ વીતે છે ને ? તું સૌનું ભલું કરજે, એ... જ... અમે અમારી ધાર્મિક ભાવના મુજબ ઘરનાં આંગણે દીવો કરીએ છીએ. તેમ જ હરહંમેશ તારા પૂજાસ્થાને દીવો પ્રગટાવીએ છીએ. વળી તુલસીનાં ક્યારે અને પાણિયારે દીવો કરીએ છીએ... તને થતું હશે કે ખરું તો અમારે અમારા 'દિલમાં દીવો' કરવાની જરૂરત છે. આટઆટલી લાઈટોની રોશનીની વચ્ચે ખરેખર તો અમે અંધકારમાં જ જીવીએ છીએ... એ અંધારું 'અજ્ઞાન'નું હોઈ શકે છે. અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાયેલા અમોને 'જ્ઞાન'રૂપી પ્રકાશની તાતી જરૂર છે. હે પ્રભુ, દીવો કરીને મેં આમ પ્રાર્થના કરી કે... 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.'

✤✤✤✤✤

'ઓ સુંદર પૃથ્વી, ઓ ધરતી! તું કેટલી અદભૂત છે! કેટલી ભરપૂર છે! પરંતુ તારા ઉપર જીવનાર કયો મનુષ્ય તારા સૌંદર્યને જોઈ શકે છે! આહ! જીવન જીવવું તે કેટલું રહસ્યમય અને ભર્યું ભર્યું છે, પરંતુ માણસને તેની ખબર નથી અને આ ભરપૂર જિંદગીમાંથી આખરે તે ખાલી હાથે જ વિદાય લે છે.'

# સાચા વૈષ્ણવ જન તો કોને કહીએ

- ઉષા એસ ધારીયા

હું એક વાડીમાં જમવા ગઈ. સરસ મનભાવન ભાવતાં ભોજન. રોજ તો દાળ-ભાત-શાક-રોટલી-કચુંબર-ચટણી-રાયતું વગેરે વગેરે ખાઈએ, પણ અહીં તો કંઈ ઘણી બધી વેરાયટી, ઈટાલીયન, પંજાબી, મેક્સીકન વગેરે વગેરે.

ખૂબ પેટ ભર ખાધું. અનાજ પારકું હતું પણ પેટ તો મારું જ હતું. જીભમાં જ સ્વાદ પછી અંદર ગયું કે શું મેક્સીકન? કે શું ઈટાલીયન? કે શું પંજાબી? બધું અંદર એક રસ થઈ જાય. હવે કોઈ વાર ઉતાવળે ખાધું હોય તો થોડું આખું પાખું પણ જાય. આ આ પેટની હાંડલીમાં (જઠર)માં ચયાપચયની ક્રિયા થાય. એમાંથી થોડાક રસો જઠરમાં શોષાય, થોડા, નાના આંતરડામાં અને એથી આગળ વધી મોટા આંતરડામાં રહ્યું હોય એ શોષાય, બાકીનો કચરો મળરૂપે બહાર આવે. આ માનવ પશુપંખી સર્વેની પ્રક્રિયા છે. આ તો એક્ઝામ્પલ હતો. આપણે આપણા જીવનમાં બધું મેળવીએ છીએ, પણ આપણે કેટલો પરિભોગ કરી શકીએ છીએ? અને આનો જવાબ તમારી જ પાસે છે.

આપણા (મુથરેશ) બાવાશ્રીએ એક સભામાં સવાલ કર્યો કે ત્રણ મહિનામાં પૃથ્વી પરના બધા જ મહાસાગરોનું જળ એક કળશમાં સમેટીને લાવો? આનો જવાબ તમારે જ શોધવાનો છે. પાણી દુનિયા પર મહાસાગરોની રેલમછેલ છે. આવા ઘુઘવતા સાગરનું જળ એક જ કળશમાં અને તે ય ત્રણ મહિનામાં સમેટી લાવવાનો આદેશ? સોચો, આ સવાલના બે જવાબ છે.

જવાબ બીજા પાના પર લખેલા છે. પરંતુ હું ચાહું છું કે તમારામાંથી કોણ આનો સહી ઉત્તર આપી શકે છે. અને એ જ તમારા જીવનના પરિભોગમાંથી તમે શું એબઝોબ કર્યું તે સમજાઈ જશે. તમે સાચા વૈષ્ણવ કઠીધારી છો તો તમને આનો સહી ઉત્તર આવડવો જ જોઈએ. પહેલો જવાબ છે?

સાત સમુંદર સ્યાહી કરું, પૃથ્વી કો કાગજ વનરાઈ કી કરું કલમ. ફીર ભી હરિ ગુન લખ્યો ન જાઈ. પ્રભુજીના ગુણ કેમ કરી કયા શબ્દોમાં લખીએ. શબ્દોના કોષોના કોષો વાપરો તો ય મારા પ્રભુજીના ગુણ ગાવાને આપણે અસમર્થ જ છીએ. નિઃસહાય છીએ. હવે આપણે આ જ સવાલનો બીજો ઉત્તર જોઈએ. પહેલાં હું એક દૃષ્ટાંત આપીશ. આના જ ઉત્તરમાં આપણો ઉત્તર સમાયો છે. એક ગણિકા પ્રભુજીને પોતાના પાખંડી પ્રલોભનથી લલચાવવા આવી હતી. વ્યવસાયે તે ગણિતા એટલે નાચ ગાન શરૂ કર્યાં. પ્રભુજી પણ સંગીતના લય સાથે ડોલવા લાગ્યા. સંગીતના સૂર તો ઠાકોરજીને પણ પ્રિયકારી છે. તેમની સામે તાલ સાથે કીર્તન કરો. રસિયા ગાવ કે રાસ રમો કે ભજન ગાવ. પ્રભુજી તો ડોલવાના જ.

‘માઝે ભજન ગણપતિ ડોલે
માઝે કીર્તન ગણપતિ નાચે’

એક વાર વિઠોબા પણ આમ જ નાચવા લાગ્યા. પરંતુ આ નાચ તો પાંચ-સાત મિનિટમાં પૂરો થયો અને પ્રભુજી બોલ્યા, ‘કે બાઈ તારે મને દક્ષિણા તો આપવી જ જોઈએ. મેં તારો નાચ જોયા એટલે તારે મારા ચરણે કંઈક તો ભેટ ચડાવવી જ જોઈએ. તારી કમરે ખોસેલા છ રૂપિયા, તું મારો ચઢાવો સમજીને મારા ચરણોમાં ભેટ મૂકી દે.’’ હવે ગણિકા તો વિચારમાં પડી કે મારી કમરે ખોસેલા છ રૂપિયાની પરભુજીને કેમ કરીને ખબર પડી? પરંતુ પ્રભુજી તો અંતરયામી છે. તે

તો અસમંજસમાં પડી. મુંઝાઈ ગઈ. પરંતુ પ્રભુજી તેના અંતરમાં પ્રવેશ્યા અને એ સમજી ગઈ કે પ્રભુજીએ મારી પાસે શું માગ્યું હતું. શી દક્ષિણા માગી હતી? અને તેમના ચરણોમાં નમી પડી. તેનો પ્રભુનો ઈરાદો શો હતો? અને પ્રભુજીએ એના અંતરને પારખી તેની પાસે દક્ષિણા માગી લીધી? હવે વિચારવાનું આપણે છે કે આ શું દક્ષિણા હતી?

કામ, ક્રોધ, મોહ, મત્સર, લોભ અને અહંકાર આ છ દુર્ગુણો પ્રભુજીએ તેની પાસેથી દક્ષિણા રૂપે માગી લીધા હતા અને માનશો આપણી પાસે પણ પ્રભુજી આ જ માગી રહ્યા છે. આ દુર્ગુણોને છોડો તો તમે તમારા જીવનમાંથી શું પચાવ્યું. શું એબઝોર્બ કર્યું તે તમને જ તમારા જવાબમાં મળી જશે અને બાવાશ્રીએ પૂછેલા સવાલનો જવાબ પણ આ જ છે. તમે સંસાર સાગરમાં ઝુમતા ઘુઘવતાં જ રહ્યા છો. મનુષ્ય દેહ ધરી શું મેળવ્યું. તમે સાચા વૈષ્ણવ પુષ્ટિમાર્ગીય, કંઠી ધારી ઘુઘવતા સંસાર સાગરને તારણ કરી કળશમાં આ દુર્ગુણો ભરી, સમેટીને પ્રભુ ચરણોમાં ધરવાનો આદેશ હતો. સાહેબ, ગુરૂવર્યને ચરણે તમારો જવાબ એટલે દુર્ગુણોને સમેટી, નિર્ગુણી બનો. પહેલું ચરણ, ક્રોધને જીતો અને આ તો માણસ માત્રના નાકના ટેરવે ચઢેલો જ રહે છે. બીજા બધા દુર્ગુણોને પણ જીતો તો જ તમે સાચા વૈષ્ણવ પુષ્ટિમાર્ગી બની શકો. તમારા જીવનને સાચી પુષ્ટિ આપો. સાચા વૈષ્ણવ પુષ્ટિમાર્ગી કંઠીધારી કોણ? આ પણ ગુરુવર્યશ્રી કહો કે પ્રભુજી કહો તેમને તમારે જવાબ આપવાનો છે. આગળ કહ્યું તેમ તમે સરસ એવું બધું એક રસ અને આ રસ આપણી ગ્રંથીઓ કેટલું એબઝોર્બ કરે છે અને કેટલું કચરા રૂપે બહાર ફેંકે છે એના પર છે. તમે જીવનમાં સેવાય કરો ઠાકોરજીની, અગિયારસ કરો ને પછી પાર્ટીઓમાં દારૂ પણ પીઓ, આ અવગુણ કહો કે ગુણ પુરૂષ અને સ્ત્રી બન્ને મહેફિલ માણે છે અને એમાં કોઈ ''બિયર એટલે તો પાણી''. વળી જીમલેટ એટલે લેડીઝ ડ્રીન્ક છે. લીંબુનું શરબત અરે વાહ રે વાહ જમાનાની આ તાસીર !! આ તો ઠાકોરજીને છેતરવાની વાત થઈ. સવારે સેવા અને રાત્રે...? રાત કી બાત નિરાલી. વરજીને સાથ તો આપવો જ જોઈએ? પછી બાળકો શું શીખશે? સાસુ, વહુ, જમાઈ, દીકરી, મા, બાળકો કોકટેલ પાર્ટીઓમાં સંગ સંગ ઝુમે? બાત નિરાલી યે રાત કી સુબહ કા ચોલા પુજારીન કા ઓર રાત રંગીલી નશીલી માણનારાઓ પ્રભુને પણ છેતરે જ છે? વળી નોનવેજની ડીશોએ તો માઝા જ મૂકેલી છે. મારા દીકરાને ચિકન તો જોઈશે જ, એકાદી ડીશ તો એ ચિકનની જરૂરથી લેશે જ? મમ્મા, આ તો બધું આવું જ ચાલે? આ બધા તો આ જ ખાવા ટેવાયેલા છે. આ બધું તો તમારે નહીં વિચારવાનું? જમાના પ્રમાણે આ બધું તો ચાલ્યા જ કરે? હવે એક ભાઈ કહે મારા બાળકો હું કંઠીધારી પુષ્ટિમાર્ગી વૈષ્ણવને જ આપું? આ એક દાખલો છે દૃષ્ટાંત, વધારે કંઈ જ નહીં, પરંતુ જવાબ તમારે જ સોચવાનો છે અને વિચારીને આચરવાનું પણ તમારે જ? હોસ્પિટલમાં પેશન્ટ સિરિયસ હોય અને એને લોહી ચડાવવાનું હોય? ભાગાદોડી કરી લોહીના બાટલા મેચ થાય એ રીતે મંગાવાય. પરંતુ આ લોહી કોનું છે? પુષ્ટિમાર્ગીય, કંઠીધારી વૈષ્ણવજનનું કે, મુસલમાનનું? કે મદ્રાસી, મરાઠીનું કે પછી વાઘરીનું કે પછી કોઈ ગરીબ મજૂરનું? લોહીનો રંગ લાલ, તેની ગુણવત્તા અનુસાર લોહી ચડાવાય પણ એ કોનું છે એ કોઈ કહી શકે છે? પ્રભુજી સિવાય લોહી બની શકતું નથી. બધું જ મળે મા, બાપ પણ તમને એડોપ્ટેડ મળી શકે છે? પણ લોહી કોઈ કરતાં કોઈ બનાવી શકતું જ નથી. માટે જ સર્વોપરી

સત્તા એ જ નિરાકાર એવા આપણા પ્રભુજી ? ? ?

પ્રભુજીની લીલાને ઓળખો ? સૃષ્ટિના સાકારનાર આપણા પ્રભુજી જ ? ? જ્યાં જ્યાં નજર પડે અને તમને પ્રભુની લીલા દેખાશે. પ્રભુજી આપણી પાસે જ બિરાજેલા છે. આપણી દૃષ્ટિની આડે રહેલા દુર્ગુણોના પડલને દૂર કરોને, નિહાળો પરમ પરમેશ્વરને સાક્ષાત !! સાથે તો કંઈ આવવાનું નથી. મારું, તારું કરતા જ રહેશો તો પ્રભુજીને કેમ કરી ઓળખશો ? ખાલી હાથે જ જવાનું છે પછી આ લક્ષ્મીનો મોહ કેમ ? હાથે તે સાથે, પુણ્યાઈનું પોટલું જ જોડે આવશે. માટે દાનની સરીતાને વહાવી ગરબના બેલી બનો ? કોઈનો હાયકારો કદી લેશો નહીં. ગરીબની દુઆ ? અને ગરીબની હાય ? શું લેશો. બાવાશ્રીએ પૂછેલા સવાલના જવાબમાં શું સમેટી લેશોને ઘુઘવતા સંસાર સાગરમાંથી કળશમાં શું ભરશો ? સવાલે ય તમારો ? ને જવાબે તમારો ?

સાચા વૈષ્ણવજન પુષ્ટિમાર્ગીય કંઠીધારી બનોને સમેટી લો એ દુર્ગુણોના કંકરને ? કંકર કળશમાં ભરાતાં જ પાણી ઉપર આવશે અને નાનપણમાં સાંભળેલી ચાલાક કાગડાની વાર્તાને વિચારી પુણ્યાઈથી પ્યાસ બુઝાવો એ જ અભ્યર્થના કોઈને ઘર માટે તો, કોઈને વિદ્યા માટે તો કોઈને લગ્ન માટે તો કોઈને દવાઓ માટે, કોઈને આજીવિકા માટે સાધનો આપો તો કોઈ વિકલાંગ માટે સુવિધાજનક સાધનો... ?

આ છ ગુણોને તમારા કળશમાં ભરો ને બાવાશ્રી ગુરૂવર્ય એવા પ્રભુજી ને ચરણે ધરો આ છે મારા અંતરનો એક ઓર જવાબ.... સાચી સેવા... પ્રભુજીના ચરણોની સાચી ભેટ. સાચા વૈષ્ણવની ઓળખ.

❖ ❖ ❖ ❖ ❖

# ગેલેરી

પ્રસિદ્ધ લેખક વૉલ્ટર સ્કોટ પ્રાણીમાત્ર પ્રત્યે અત્યંત દયાળુ હતા. આનું કારણ એ છે કે એકવાર એમણે પોતાની કુમાર અવસ્થામાં પાળેલા કૂતરા પર ગુસ્સે ભરાઈને પથ્થર ફેંક્યો હતો. એ પથ્થર કૂતરાના પગમાં વાગ્યો અને એના પગ ભાંગી જતાં કૂતરો અપંગ બની ગયો હતો.

પગની અસહ્ય પીડાને કારણે કૂતરો ચીસાચીસ કરતો હતો. આમ તેમ લંગડાતો ફરતો હતો. ક્યારેક ખૂણામા મૂડદાલ થઈને પડયો રહેતો હતો. ધીરે ધીરે એકાદ દિવસ પછી કૂતરાની પીડા ઓછી થઈ. એ લંગડાતો વૉલ્ટર સ્કોટની પાસે આવીને બેઠો. કશું જ ન બન્યું હોય તેમ અગાઉની માફક પ્રેમથી તેમના પગ ચાટવા લાગ્યો.

આ અબોલ પ્રાણીની આવી નિર્વેર ભાવના જોઈને વૉલ્ટર સ્કોટનું હૃદય આક્રંદ કરી ઊઠયું. તેઓ વિચારવા લાગ્યા કે જો આ કૂતરાને બદલે કોઈ માણસને પથ્થર નહીં, પણ નાની કાંકરી મારી હોત તો શું થાય ? પેલી વ્યક્તિ પોતાની શક્તિ મુજબ એમની સામે લડી લેત. જયારે આ અબોલ પ્રાણી તો મારી ક્રૂરતાને ભૂલીને મારા પ્રત્યે લાગણી દાખવે છે. માણસ વધુ મમતાવાન કે આ પ્રાણી ?

ધીરે ધીરે આ સર્જકના અંતઃકરણમાં પશ્ચાત્તાપની ધારા વહેવા લાગી. એમણે ઈજાગ્રસ્ત પગને હાથમાં લીધો. જ્યારે જ્યારે એને પાટા-પીંડી કરે ત્યારે આ લેખક પશ્ચાત્તાપભર્યા હૃદયે આ કૂતરાને કહેતા,

''મારા પ્રેમાળ મિત્ર, હું મારી ભૂલનો પશ્ચાત્તાપ કરું છું, જો કે તેં તો મારા તરફ ઉદાર વર્તન દાખવીને મને પ્રેમનો પદાર્થપાઠ શીખવ્યો છે. હવે હું કોઈ પણ પ્રાણી પ્રત્યે આવું કઠોર વર્તન નહી કરું.''

❖ ❖ ❖ ❖ ❖

# પત્ર

- અમીતા ધારીઆ

**પ્રિય અમી,**

તારી કુશળતા ચાહું છું

અમી, જીવનમાં કેટલાક એવા પ્રસંગો આવે છે જે સોડ તાણીને સૂતેલાં માણસની ચાદર ખેંચી લે છે.

વર્ષો સુધી તાણાવાણાની જેમ જીવનમાં ગુંથાઈ ગયેલા મા-બાપનું મૃત્યુ હૃદયને જડમૂળથી હચમચાવી વ્યથા અને યાતના મૂકી જાય છે. તેમની વિદાયથી મમતા અને વાત્સલ્યનું આખું ઉપવન ઉજ્જડ બની જાય છે.

અમી, હું જાણું છે કે મા-બાપ વગરનું ઘર એટલે ધબકારા વગરનું હૃદય. મા-બાપનો છાંયો એ જીવનનું અજવાળું છે અને તેમની વિદાય એ સમી સાંજનું અંધારું છે.

જે મા-બાપ સાથે જીવન ઓતપ્રોત થઈ ગયું હોય, તેમની વિદાયથી હૃદયમાં સૂનકાર વ્યાપી જાય છે. મા-બાપની વિદાય પછી દુઃખમાં રૂમાલ આપીને આંસુ લૂછવાની સાલહ કોઈ આપી શકે છે. પણ બાહોમાં લઈને હૂંફ આપનારું અને પોતાના પાલવથી આંસુ લૂંછનારું કોઈ હોતું નથી.

અમી, મા-બાપને આપણે ચાહીએ છીએ, છતાં કોઈક વાર તેમના પર ગુસ્સે થઈએ છીએ, તેમને અઘટિત વચનો કહી દઈએ છીએ. પછી તેમના પર પ્રેમ વરસાવી આપણા મધુર સંબંધનાં તંતુને જાળવી રાખીએ છીએ. પરંતુ મા-બાપની વિદાય પછી તેમને કહેલાં કઠોર શબ્દો અને અનુચિત વર્તનની યાદ આવ્યા કરે છે અને દિલને રડાવી જાય છે. પણ જે થઈ ગયું તે ન થયું કરી શકાય એમ નથી. પણ આ રીતે તેમને યાદ કરીને આપણે તેમને વધારે ચાહીએ છીએ.

મા-બાપનું સ્થાન કોઈ લઈ શકતું નથી. કઠોર વાસ્તવિકતા અને ક્રુરતાની સામે માની ગોદ બાળકો માટે સુરક્ષિત કિલ્લો બની રહે છે. એટલે જ બાળકોનાં હૃદયમાં મા-બાપ હંમેશાં જીવિત હોય છે. જ્યારે પણ મા-બાપની યાદ આવે, ત્યારે આંખો ભીની થઈ જાય છે. વાત કરતાં ગળે ડૂમો ભરાઈ જાય છે, આંખમાં આંસુ છલકાઈ જાય છે. દિલની સંવેદના જાગી ઊઠે છે.

અમી, હું સમજું છું કે તારા મા-બાપના તારી ઉપર ખૂબ જ ઉપકાર છે. તેઓ તારો આંધારસ્તંભ હતા. તેમના મૃત્યુથી તારા જીવનની આખીય રંગોળી વિંખાઈ ગઈ છે. એકબીજાને જોડતાં કેટલાય તાર તૂટી ગયા છે. એક અણધારી ઘડી આવી અને બધું જ વેરણછેરણ થઈ ગયું. મહિનાઓ વીતતા થોડો ઘણો ઘા રૂઝાઈ ગયો છે, જીવન કંઈક અંશે ગોઠવાઈ ગયું છે. પણ મા-બાપનાં મૃત્યુનું સ્મરણ થતાં જ વેદનાનો ડંખ ફરી લાગી જાય છે.

અમી, એક વાત સમજી લે કે, મા-બાપે તેમની યાત્રા પૂરી કરી છે. આપણે પણ વહેલા મોડાં એ જ યાત્રા પર જવાનું છે. જીવન એટલે જ મુલતવી રાખેલું મૃત્યુ. સમય આવશે એટલે એક પછી એક આપણે સૌ માટીમાં મળી જઈશું. એટલે જ મા-બાપની હયાતીવાળા અતીતનાં ભર્યા ભાદર્યા ટૂકડાની મધુર સ્મૃતિઓ સાથે જીવન જીવી જવાનું છે.

અમી, મને શ્રદ્ધા છે કે તારા મા-બાપ જ્યાં હશે ત્યાંથી એમની વાત્સલ્ય દૃષ્ટિ તારા અને તારા દીકરાના ક્ષેમકુશળ માટે સદા અમૃત ઝરતી સજાગ હશે જ. અને તારા મા-બાપને પણ સારા સંસ્કારી બાળકો પૃથ્વી પર મૂકી જવાનું પુણ્ય મળશે જ.

Where Ever You Go,
And Whatever You Do,
May Fortune & Happiness
Travel With You

તારા દીકરાને મારો પ્યાર.

***એ જ..... ધરા.***

# રણયોધ્ધાની માભોમ રાજસ્થાનનો યાદગાર પ્રવાસ

✍ ભગેશ ચં. કડકિયા

(હપ્તો - ૨)

**''પલ્લો લટીકે, ગૌરી પલ્લો લટીકે....**
**જરા સો (૨) ટોડી હો જા બાલમાં...મેરો પલ્લો લટીકે''**

રાજસ્થાનની ભાષાના આ લહેકેદાર ગીતની યાદ સાથે અમારો પ્રવાસ આગળ વધી રહ્યો હતો. ગુલાબી નગરી જયપુરની ઠાટમાઠ, તેના મહારાજાઓની પ્રણ-ગાથાઓને તેમની રાણીઓના પ્રેમમાં બંધાવેલા ભવ્ય પ્રાસાદો અને બેનમૂન કારીગરીથી શોભતી સુંદર હવેલીઓ તથા રમ્ય ઉદ્યાનો. મારવાડી પ્રજાની આગવી વેશભૂષા તથા શણગારના વૈભવ સાથે તેમનો રમુજી સ્વભાવ ને કાર્ય નિષ્ઠા તેમની વિકાસ યાત્રાના આ અનેરા લક્ષણો કોઈપણ  પ્રવાસીની દિલ -દિમાગ પર છવાઈ જવા માટે પૂરતાં છે. આથી ત્રણ દિવસના મુકામ બાદ આ રંગીલા શહેરની અલવિદા લેતી વેળા તેના સ્મરણો ઊંડી છાપ મૂકતા જાય એ સ્વાભાવિક છે. સવારના નાસ્તા પાણી બાદ અમે સૌ બસમાં ગોઠવાયા. અજમેર પ્રતિ પ્રયાણ કરવા. હંમેશ મુજબ આનંદ-પ્રમોદમાં બસ - સફરનો સમય ક્યાં પૂરો થઈ ગયો તે અમને ખબર ન પડી. સાંજ પહેલા તો અને અજમેરની હોટેલ માનસિંગ પેલેસના દરવાજે આવી પહોંચ્યા. અહીં રૂમોનો કબ્જો મેળવ્યા બાદ શાંતિથી અમે આ મિશ્ર સંસ્કૃતિઓની ભૂમિ-અજમેર શહેરની મુલાકાતે ઊપડી ગયા.

લીલી નાધેરમાં વનસ્પતિવિહિન ટેકરીઓ વચ્ચે વસેલું આ અજમેર નગર, રાજા અજયપાલ ચૌહાણે સાતમી સદીમાં સ્થાપ્યું ને છેક સન ૧૧૯૩ સુધી તે માત્ર ચૌહાણ સત્તાનું કેન્દ્ર બની રહ્યું. પણ પછી પરદેશી આક્રમણખોર મહમદ ઘોરીએ પૃથ્વીરાજ ચૌહાણને હરાવી આ નગરનો કબ્જો મુસલમાનોના હાથમાં સોંપ્યો. ત્યારથી આજ સુધી અનેક સલ્તનતોનું તે ઘર બની રહ્યું. ત્યાં ઘણાં રાજાઓ આવ્યા ને ગયા. સૌ પોતાની સંસ્કૃતિ અને પ્રણાલીઓની છાપ પાછળ મૂકતા ગયા. પરિણામે અહીં મિશ્ર સંસ્કૃતિ આજે પણ જોવા મળે છે.

બસમાં અમે પ્રથમ સોનેજીથી પંકાયેલ કાચથી મઢાવેલું શ્રી મહાપુત જિનાલય જોવા ગયા. સન ૧૯૬૪માં શ્રી મૂલચંદ સોનેજીએ આ અદભુત જૈન મંદિર બાંધ્યું અને તેમાં તેમણે ભગવાન આદિનાથની પ્રાણપ્રતિષ્ઠા કરી. ઉત્તમ વિદેશી ગોલાઓથી બધી છતોને પ્રકાશિત કરતું, જૈન પરંપરાની કથાઓને પ્રતિમાઓ અને ચિત્રોથી ઉઠાવ આપતું તથા બંને મજલામાં છવાયેલા આ સળંગ મંદિરનો વ્યુહ સાચ્ચે જ જોવાલાયક છે. આથી અહીં પ્રવાસીઓની અવરજવર ઘણી જોવા મળે છે. ત્યાંથી અમે વિશ્વ-વિખ્યાત સૂફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીનો ભવ્ય મકબરો જોવા ને દર્શનાર્થે ગયા. એક ઉજ્જડ ટેકરીની તળેટીમાં ભારતના તમામ ધર્મોના પંથોના લોકોનું આ અગત્યનું તીર્થસ્થાન છે. આ સંત સન ૧૧૯૨માં પર્શિયાથી અહીં આવેલા ને તેમણે આ નગરની શકલ જ બદલી નાખી. આથી મોગલ સમ્રાટ હુમાયુએ તેમની આ દરગાહ અહીં બાંધી ને તેના દરવાજા નિઝામે ઊભા કર્યા. રાજા અકબર છેક આગ્રાથી વર્ષે એકવાર આ દરગાહની મુલાકાત લેતો. તેનો સુંદર આરસનો ગુંબજ ને ચાંદીના પ્લેટફોર્મ પર રાખેલી આ સંતની કબર-ખાસ તેના જ દર્શને દેશવિદેશથી લોકો આવે છે. એને પ્રાંગણામાં મહાકાય દેગ રાખેલો છે. જેમાં સૌનું

ભોજન થતું. આ દરગાહની જમણી બાજુ સફેદ આરસથી બાંધેલી અકબરી મસ્જિદ છે. રાજા શારહજહાંએ પણ આ પરિસરમાં બીજી મસ્જિદ બંધાવી છે. જેમાં રાખેલી કલાત્મક કોતરકામનીવાળી નીચી કમાનો ધ્યાનાકર્ષક છે. આ ઓલિયા પુરુષની મૃત્યુતિથિએ અહીં ભવ્ય મેળો ભરાય છે. જેમાં અનેક લોકો ભાગ લે છે. ભારત-ઈસ્લામિક સ્થાપત્યના ઉત્કૃષ્ટ નમૂના સમાન તેની અઢાઈ-દીન-ની ઝૂંપડી આ દરગાહથી થોડે દૂર આવી છે. આ શહેરના પાછળના ભાગમાં રેલ્વે સ્ટેશન પાસે, સન ૧૫૭૦માં રાજા અકબરે કિલ્લો બાંધી તેમાં મહેલ ઊભો કર્યો છે. જ્યાં આજે મ્યુઝિયમ છે. મોગલ-રાજપૂતોની કલા ને તેના અવશેષો અહીં સાચવ્યાં છે. ભારતની પબ્લિક શાળાઓમાં અહીંની મેયો કોલેજ ઘણી જાણીતી છે.

આમ આ પવિત્ર શહેરના દર્શન કરી બીજા દિવસે અમે બસમાં બિકાનેર જવા નીકળ્યાં. વચમાં પુષ્કરજીનું સરોવર ને બ્રહ્માજીનું એકમએવ મંદિર આવે છે. તેના દર્શન માટે સૌ રોકાયા. રણના કિનારે આવેલું આ સરોવર ત્રણ બાજુ ટેકરીઓથી ઘેરાયેલું છે. ને અજમેરથીતે નાગ પહાડથી જુદું પડે છે. આ પહાડ પર જ મુનિ અગત્યસ્યની ગુફા ને પંચકુંડ આવેલા છે. આ સરોવર પાસેથી લોકવાયકા અનુસાર ભગવાન બ્રહ્મા યજ્ઞ કરવા માટે એક શાંત ભૂમિની શોધમાં નીકળ્યા હતા ત્યારે અહીંની ખીણમાં તેમના હાથમાંથી એક કમળ પડી ગયું. તેમાંથી આ પવિત્ર સરોવરનો પ્રાદુર્ભાવ થયો ને પછી એ એમને અર્પણ કરાયું. આખા વિશ્વમાં આ એક માત્ર બ્રહ્માજીનું મંદિર હોઈ તેનું ખુબ મહાત્મય છે. અહીં દર વર્ષે પશુ મેળો યોજાય છે. આ રંગીન મેળામાં લાખો યાત્રાળુઓ આવે છે. તે વેળા અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાય છે. આમેરના ભૂતપૂર્વ રાજા માનસિંહનો માન મહેલ આ પુષ્કર સરોવરના કિનારે છે. આની નજદિકમાં ભક્તિસંપ્રદાયના આચાર્ય શ્રી વલ્લભાચાર્યની બેઠક છે. ભારતમાં આવી કુલ ૮૪ બેઠકો છે. જ્યાં તે પગપાળા ગયા હતા ને પુષ્ટિ માર્ગનો મહિમા સમજાવ્યો હતો. જે જમાનામાં કોઈ સગવડો ન્હોતી કે ન સારા રસ્તાઓ યા સુવિધાઓ. તે કાળમાં આવા ધર્મનિષ્ઠ પરિવારજકો પોતાના ધર્મની આણ ફેલાવા ને પ્રજાને જાગ્રત કરવા કેટલી જહેમત ઉઠાવતા તે જોઈ આજેય આપણને આશ્ચર્ય થાય છે. અહીં અમે લંચ પતાવી બસમાં ગોઠવાયાં ને ઉપડયા બિકાનેર તરફ.

શાહી કિલ્લેબંધીવાળું તથા રાજસ્થાની સંસ્કૃતિ જાળવતું ને ઊંટોના ગઢ સમાન આ મધ્યયુગીન ભપકો ધરાવતું મોજીલું શહેર બિકાનેર રાજસ્થાનની શાન છે. ઊંટના ખાસ દેશ તરીકે પ્રખ્યાત આ નગર વિશ્વભરમાં શ્રેષ્ઠ સવારી માટેના ઊંટોથી પંકાય છે. રણનું આ વાહન તેમના જીવનનો અંતરંગ હિસ્સો છે. દરેક કામમાં તે ઊંટોનો ઉપયોગ કરે છે. આ શહેરનું બીજું આકર્ષણ છે તેના કૂવા-પાણીના અગત્યના સ્ત્રોતો. કૂવા ઊંચી બેસણી બનાવી બાંધવામાં આવ્યા છે. ને એના ચારે ખૂણે પાતળા મીનારા જેવા સ્તંભ બાંધવામાં આવ્યા છે, કે જેથી ઘણે દૂરથી પણ કૂવો હોવાની ખાતરી મળે છે. સન ૧૪૫૯માં જોધપુરના રાવ ભિખાજીએ એની રાજધાની અહીં ખસેડી અને આ નિર્જન ભૂમિને પોતાના સાહસ ને કાર્યકશળતાથી એક સુંદર શહેરમાં પલટી નાખી. આથી એના સ્થાપકના નામ પરથી એ બિકાનેર તરીકે ઓળખાય છે. પશ્ચિમ-મધ્ય એશિયાના પ્રાચીન કાફલાઓના માર્ગ પર વ્યૂહાત્મક દ્રષ્ટિએ વસેલું બિકાનેર એ સમયનું ઉદ્યોગોનું મુખ્ય કેન્દ્ર હતું. ઊંચાઈ પર આવેલા આ શહેરની ચોતરફ ૭ કિ.મી. લાંબી મજબૂત દીવાલ છે. જેમાં પાંચ પ્રવેશદ્વારો છે. ભવ્ય કિલ્લા, લાલાશ પડતા ગુલાબી સેન્ડ સ્ટોનમાંથી

બનાવેલા તેના આલિશાન મહેલો ને સુંદર ઈમારતો તથા ઉત્તમ ઉદ્યાનો તેના સ્થાપત્યના સમૃદ્ધ વારસાની ઝાંખી કરાવે છે. અમારો ઉતારો વિશાળ મહેલ જેવી હોટેલમાં રાખ્યો હતો.

જેમાં મધ્યમાં ભવ્ય ઓપન ભોજનાલય-કમ-સભાગૃહ હતો. ને ચોપાસે રહેવાના સુંદર કમરા હતા, બધી જ સગવડોથી સભર. અહીંનો અમારો બે દિવસનો નિવાસ જલસાભેર રહ્યો. રાત્રે ત્યાં સંગીતસભા ભરાય ને નૃત્યનો ખાસ કાર્યક્રમ ગોઠવાય.

આ શહેરના દર્શન માટે પ્રથમ અમે તેના જુનાગઢ કિલ્લાને જોવા ગયા. સન ૧૫૯૩ માં રાજા રાયસિંહે આ અભેદ્ય કિલ્લાને બંધાવ્યો. તેમાં આવેલા લાલ પથ્થરો અને આરસથી બાંધેલા આ મહેલોમાં મંડપો, બાલ્કનીઓ, છજ્જા ને કોતરકામવાળી બારીઓ મુકી તેની ઘણી શોભા વધારી દીધી. છે. ૯૮૬' લાંબી તેની દીવાલોમાં ૩૭ બુરજો છે ને બે પ્રવેશદ્વાર છે. કરણ પોળથી આ કિલ્લામા દાખલ થવાય છે. તેના મુખ્ય મહેલોમાં અનુપ મહેલ, ગંગા નિવાસ, કરણ મહેલ, ડુંગર નિવાસ ને રંગ મહેલ જાણીતા છે. અનુપ મહેલ તેના સોનેરી પાંદડી પર કરેલ ચિત્રકામથી જાણીતો છે. તેના ચંદ્ર મહેલમાં અદ્‌ભુત તૈલચિત્રો તથા આયના ને આરસાના કોતરેલાં પડદાં છે. ફૂલ મહેલમાં કાચ અને આભલાનું સુશોભિત કામ છે. કરણ મહેલ મોગલ બાદશાહ ઔરંગઝેબ પરના વિજયની નિશાની છે. તેનો દરબાર હોલ, ગજ મંદિર તથા શીશ મહલ પણ જોવાલાયક છે. મહારાજા ગંગાસિંહે લાલગઢ સન ૧૯૦૨ માં લાલ રેતીયા પથ્થરથી બંધાવ્યો, જે ઉત્કૃષ્ટ સ્થાપત્યનો નમુનો છે. તેનું સુંદર જાળી કામ ને સુશોભિત કોતરણી જોવાલાયક છે. આજે તેનો અરધો ભાગ હોટેલ માટે વપરાય છે અને બીજામાં સાંદુલ મ્યુઝિયમ છે. અહિના વિશાળ ,લોનમાં બોગનવિલીયા ચોપાસ જોવા મળે છે, જ્યાં મોર હંમેશા નાચતા રહે છે. રાજસ્થાનનું શ્રેષ્ઠ મ્યુઝિયમ છે ગંગા ગોલ્ડન જ્યુબિલિ મ્યુઝિયમ, જેમાં શસ્ત્રો, પેન્ટિંગસ ને સિક્કાઓ વિગેરે જોવા મળે છે. આ સિવાય અહિં હડપ્પા સંસ્કૃતીના અદ્‌ભુદ નમુનાઓ છે તથા ગુપ્તા અને કુષાણ યુગના શિલ્પો પણ તેમાં સાચવ્યા છે. તેના ગંગા પબ્લિક પાર્કમાં પ્રાણી સંગ્રહાલય છે. એક દિવસ અમે શહેરથી દસ કિ.મી. દુર આવેલા The National Research Centre On Camel માટે ફાળવ્યો હતો. એશિયામાં આ પ્રકારનું પહેલું કેન્દ્ર છે. જ્યાં રણના વાહન ઊંટ અંગે સંશોધન ને ઉછેર કાર્ય હાથ ધરાય છે. વિશાળ વિસ્તારમાં ફેલાયેલું આ ફાર્મ જોવાલાયક છે. તેમાં જુદા જુદા સ્થળે વિધવિધ ઊંટોનો કાફલો જોવા મળે, જ્યાં તેના પર અવનવા પ્રયોગો થાય. અહીં કેમલ ફેસ્ટિવલ પણ ઊજવાય છે. જેમાં ઊંટીની દોડવાની સ્પર્ધા પણ રખાય છે. અહીં અમે પ્રથમ વિજેતા બનેલ ઊંટને નિહાળ્યું. જેની સાથે ઘણાએ ફોટાઓ ખેંચ્યા. કચ્છ, જેસલમેર અને બિકાનેરના ઊંટોનો ઉછેર પર ખાસ ધ્યાન અપાય છે. સન ૧૯૮૪માં સેન્ટર અસ્તિત્વમાં આવ્યું. આ સિવાય મારવાડી ઘોડાઓ માટે તથા ફ્રેન્ચ નર ગધેડા માટે એક અલાયદુ નેશનલ રીસર્ચ સેન્ટર શરૂ કરેલ છે. તેમાં અદ્યતન સાધનોને આગવી લેબોરેટરી પણ તેના ઉત્તમ ઉછેર ને રોગનિવારણ માટે રાખેલ છે. અહીંથી પાંચ કિમી દૂર આવેલ ભાંડસર જૈન મંદિર જોવાલાયક છે. સોળમી સદીમાં બંધાવેલા આ સુંદર મંદિરમાં ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથની સ્થાપના કરી છે. શીશની કળા - કારીગરી તથા સોનેરી પાંદડી પરના ચિત્રકામથી આ જૂનું મંદિર શણગારેલું છે. લાલ પથ્થર ને સફેદ આરસની કોતરકામની, ભીંતચિત્રો ને સુંદર બાંધણી તથા પ્રતિમાઓથી તેની શોભામાં અનેકગણો વધારો થયો છે. ત્યાંથી અમે ૮ કિમી દૂર

આવેલ દેવી કુંડ જોવા ગયા, જ્યાં રજવાડી કબ્રસ્તાન છે. બિકા રાજવંશની યાદમાં અહીં ઘણી ભપકાદાર છત્રીઓ ઊભી કરી છે. મહારાજ સુરતસિંહની છત્રી સફેદ આરસમાંથી બાંધી છે ને તેની છત પર સુંદર રાજસ્થાની ચિત્રકામ કરેલ છે. અહીંથી સાંજે ૩૦ કિમી દૂર આવેલ દેશનોકના કર્ણીમંદિરના દર્શને ગયા. છસો વર્ષ પુરાણું આ મંદિર દેવી દુર્ગાના રૂપ કર્ણીમાતાને સમર્પિત છે. આ મંદિરના દ્વાર ચાંદીની કોતરકામનીવાળા છે. આની ખાસ વિશેષતા એ છે કે આ મંદિરના ગર્ભગૃહમાં ઉંદરો સ્વતંત્રપણે હરે ફરે છે. આ મૂષકો પવિત્ર મનાય છે ને તેમને ભોજન પણ અપાય છે. તે મનુષ્ય તરીકે પુનર્જન્મ લેશે, એવી તેમની માન્યતા છે. ત્યાંથી લોકવાયકા મુજબ આ ઉંદરો ગયા ભવમાં આ મંદિરના પૂજારીઓ ને ભાવિકો હતા. ખેર, આપણા જેવા દર્શનાર્થીઓને પગ પરથી પસાર થતાં કે દેહ પર ચડી જતાં આ ઉંદરોનો તેઓ નિર્દોષ હોવા છતાં ડર લાગે એ સ્વાભાવિક છે. આમ છતાં સૌ કુતુહલતાને વશ થઈ આ મંદિરમાં માતાના દર્શને તો આવ્યા જ.

છેલ્લા દિવસે સાંજે અમે બિકાનેરના શોપિંગ સેન્ટરમાં ઊંટના ચર્મમાંથી બનાવેલ તેની સુંદર આઈટમો, કાર્પેટો, તેનું લક્કડ કામ તથા ત્યાંના પ્રખ્યાત ભુજીયા - સેવ ને પાપડ વગેરે જોવા ને ખરીદવા નીકળ્યા. સૌએ ધરાઈને ત્યાં ખરીદી પણ કરી. આમ જોતજોતામાં તો બિકાનેરની સહેલ પૂરી થવા આવી. રોજ રાત્રીનો તેમનો જલસો ને તેમાં સાથ આપતા દેશ-પરદેશના પ્રવાસીઓ આ દૃષ્ય હજી આંખ આગળથી ખસતું નથી. તેમાંયે એક બપોરે ગોઠવેલો બહેન પ્રવીણાનો કાવ્ય - વાંચનનો કાર્યક્રમ તથા રાત્રે સંગીતજ્ઞ નિરંજનાબહેને ભજનોની સૂરાવલી છેડી આ પ્રવાસમાં ભક્તિનો માહોલ ઊભો કર્યો હતો. પ્રવાસની આવી યાદગાર ક્ષણો જ મન પર કાયમની અસર મૂકી જતી હોય છે.

હવે અમે બસમાં જેસલમેર તરફ રવાના થવાના હતા. જેની વિગતો આપણે છેલ્લા હપ્તામાં જોશું. મેવાડનો આ સૂકો પ્રદેશ જેમ આપણા રજપૂતવીરોની શૌર્યગાથાથી ભરેલો છે તેમ તેમાં ભારોભાર ભક્તિરસ પણ છલકાતો જોવા મળે છે. તેની કણેકણમાં આજે પણ મીરાબાઈના પદોના તરંગો ગુંજતા તમે અનુભવી શકો. તમે થોડાક આત્મસ્થ થઈ કાન માંડશો તો તેની કૃષ્ણ પ્રેમની પદાવલી સંભળાયા વિના નહીં રહે !

***''માઈ મૈને ગોવિંદ લીનો મોલ - મીરા કે પ્રભુ ગિરિધર નાગર,***
***આવત પ્રેમ કે ડોલ...'***

કે પછી તેનું પ્રાણપ્રિય ભજન તેની હલકમાં સાંભળવાને ધનભાગ્ય બનશો :

***''ગોવિંદ પ્રાણ અમારો રે, મુને જગ લાગ્યો ખારો રે,***
***મુને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે...''***

આવી ભક્તિશિરોમણી મીરાબાઈના મધુરા સ્મરણો સાથે આપણે અહીં વિરામ લઈશું.

✣ ✣ ✣ ✣ ✣

## દિવાળીમાં બાલાસિનોરમાં જમણવાર

દર વર્ષની જેમ મુંબઈમાં રહેતા બાલાસિનોરવાસીઓને વતનમાં આકર્ષવા અને દિવાળી માણવા માટે આ વર્ષે પણ અગિયારસ થી ભાઈબીજ સુધી વાડીમાં જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. ૫૦ થી વધુ જણ આમાં નામ નોંધાવશે તો જ આ શક્ય બનશે. તો વધુ ને વધુ લોકોને આનો લાભ લેવા વિંનતી.

***- બાબુભાઈ પરીખ (બખલી)***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઉપનગર વિભાગ દ્વારા આયોજીત દાંડીયા રાસના મુખ્ય મહેમાન શ્રી ક્રિષ્ણકાંત કીરતનલાલ ધારીયા



શ્રી ક્રિષ્ણકાંતભાઈનો જન્મ ૧૯૫૦ માં બાલાસિનોર ખાતે થયો હતો. શાળાનું શિક્ષણ ગુજરાત રાજ્યમાં લીધા બાદ તેઓ ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ આવ્યા, સિધ્ધાર્થ કોલેજમાંથી બી.કોમ કર્યા બાદ તેઓએ ૧૯૭૫ માં ચાર્ટડ એકાઉન્ટન્ટની ડીગ્રી મેળવી. શરૂઆતમાં **C.A.**તરીકે પ્રેકટીસ કરીને આ સંઘર્ષપૂર્ણ વ્યવસાયમાં પોતાનો પગદંડો જમાવ્યો એકાઉન્ટન્સી તેઓનો ગમતો વ્યવસાય હતો, પરંતુ ધીરે ધીરે તેઓએ ઈન્વેસ્ટમેન્ટ, શેરબજાર અને રીઅલ એસ્ટેટમાં પ્રભુત્વ મળવ્યું. ૧૯૯૨ માં જ્યારે આપણા દેશમાં લીબ્રલાઈઝેશન ની શરૂઆત હતી ત્યારે તેઓએ દેશનું ભવિષ્ય જાણી લીધું હતું અને ભારત દુનિયા આખીમાંથી ઈન્વેસ્ટમેન્ટ મેળવીને આર્થિક મહાસત્તા બનશે એવું ભાખી લીધેલું હતું. ત્યારથી શરૂ કરીને આજે ક્રિષ્ણકાંતભાઈ ઈકોનોમીક્સના પ્રખર અભ્યાસી છે અને ડેરીવેટીવ માર્કેટ તથા પોર્ટફોલીઓ મેનેજમેન્ટમાં પ્રભુત્વ ધરાવે છે. તેઓ શેરબજારમાં નોંધાયેલા એક લીમીટેડ કંપનીમાં ડીરેક્ટરનો હોદ્દો પણ ધરાવે છે.

તેઓએ જીવનસાથી તરીકે બિઝનેસ મેનેજમેન્ટની ડીગ્રી ધરાવતા હેમાબેન ઉપર પસંદગી ઉતારી અને બંન્ને પૂત્રો આલોક અને આનંદને પણ ઉચ્ચ શિક્ષણ આપ્યું. **UDCT** માંથી કેમીકલ એન્જીનીયરીંગ કરીને આલોકે હોલેન્ડમાંથી માસ્ટર્સ અને **USA** માંથી **MBA** ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. અને પત્ની નુપૂર સાથે અમેરીકા માંજ સ્થાયી થયા છે. આનંદ **UDCT** માંથી કેમીકલ એન્જીનીયરીંગ કરી અમેરીકાથી ફાઈનાન્સ અને રીસ્ક મેનેજમેન્ટમાં માસ્ટર્સ કરીને ભારતમાં જ આ વ્યવસાય સંભાળે છે.

ક્રિષ્ણકાંતભાઈ નોર્થ મુંબઈ ચાર્ટડ ઓફ જેસીઝમાં ટ્રેઝરર થી લઈને વાઈસ પ્રેસીડન્ટ ની સેવા આપી ચુક્યા છે. તેઓ માને છે કે સમાજને ઉપર લાવવો હોય તો એને મદદની નહિ પણ શિક્ષણની જરૂરત છે. તેઓ માટે કામ ઉભું કરવાની જરૂર છે. જેથી તેઓ પગભર થઈ શકે. જો કે વડીલોએ ઉભી કરેલી સમાજ વ્યવસ્થાથી તેઓ સંતુષ્ટ છે. એવી સફળ વ્યક્તિ આજે નવયુવક સંઘને મુખ્ય મહેમાન પદે મળી છે. તે બદલ સંસ્થા ગૌરવ અનુભવે છે.

✤✤✤✤✤

માણસના સુખનો આધાર, એ કયા સમયે કયું કામ કેવા ઈરાદાથી કરે છે એના ઉપર છે. જે કામ એ સુખ મેળવવા માટે કરે છે એમાંથી એને સુખ મળે જ છે એવું નથી. જમીનમાં વાવેલા બધા જ દાણા ઉગતા નથી. પરંતુ જે કામ એ સુખ મેળવવાના ઈરાદાથી કરતો નથી એમાંથી સુખ પ્રાપ્ત થઈ શકતું જ નથી.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી રજનીભાઈ કાંતિલાલ કડકીયા(ધરીવાલા) પુરુષ્કૃત
# ૫૫ મો વાર્ષિક રસોત્સવ - મુખ્ય મહેમાન શ્રી શશીકાંત મણીલાલ ગાંધી



આ વર્ષના વાર્ષિક રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી શશીકાંતભાઈનો જન્મ ૧૯૩૬ માં મુંબઈમાં થયો હતો જી.ટી.સ્કુલમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો ત્યારબાદ જયહિંદ કોલેજમાંથી ૧૯૫૭ માં B.S.C.નો અભ્યાસ પૂરો કર્યો ત્યારબાદ V.J.T.I. COLLEGE માં ઈલેક્ટ્રોનિક એન્જીનીયરીંગનો ડીપ્લોમાં ૧૯૬૦ માં પૂરો કર્યો

તેઓના પિતાશ્રી મણીલાલ બાપુલાલ ગાંધી કાલબાદેવીમાં બાબુભાઈ એન્ડ બ્રધર્સ ના નામે ધંધો કરતા હતા જેમાં શ્રી શશીકાંતભાઈના મોટાભાઈ બંસીભાઈ, નાનાભાઈ મહેન્દ્રભાઈ તથા ભત્રીજા મધુસુદનભાઈ જોડાયા હતાં. શશીકાંતભાઈ એમાં ન જોડાતા અલગ રાહ ચાતર્યો. તેઓ ૧૯૬૧માં ઈલેક્ટ્રીક બજારમાં શ્રી નટવરભાઈ ડાબલીની પ્રકાશ ટ્રેડીંગ કંપનીમાં જોડાયા અને આજ સુધી તેમાં સક્રીય છે.

૧૯૫૮ માં ચંદ્રિકાબેન સાથે પ્રભુતામાં પગલાં માંડયા, જીવનમાં પત્નિનો ખુબ જ સાથ અને સહકાર મળ્યો. ચંદ્રિકાબેન ખુબ જ પ્રેમાળ, સહનશક્તિવાળા હતાં અને કરકસરના ગુણથી પરીવારને સંપન્ન કર્યો. શશીકાંતભાઈ તથા ચંદ્રિકાબેને બે પૂત્રો નિલેશ તથા અનિશ અને બે પૂત્રીઓ ભાવના તથા પ્રજ્ઞાને સંસ્કાર અને ભણતર આપીને ઉછેર્યા.

મોટો પૂત્ર નિલેશ આજે પ્રકાશ ટ્રેડીંગ કોરપોરેશનમાં પિતાને સાથ આપી ધંધાનો વિકાસ કરી રહ્યો છે. અને નાનો પૂત્ર અનિશ વરલી ખાતે સિગ્મા બ્રાઈટ કમ્પ્યુટર ના નામે આઈ.ટી. ટેક્નોલોજીમાં વ્યવસાય કરે છે. શશીકાંતભાઈના જમાઈ સંજયકુમાર રજનીકાંત શાહ અંકલેશ્વર ખાતે ક્રીસ્ટલ સ્ટેશનરી પ્રા.લી. ના નામે નોટબુક બનાવી એક્ષ્પોર્ટ કરે છે.

હાલમાં શશીકાંતભાઈ પૂત્રો, વહુઓ સોનલબેન તથા જયનાબેન અને પૌત્રો પૌત્રીઓ સાથે નિવૃત્ત જીવન વિતાવે છે. તથા ધાર્મિક પ્રવૃત્તિમાં જીવન વિતાવે છે. તેઓને ભજન કીર્તન સાંભળવાનો તથા પ્રેમપૂરી આશ્રમમાં પ્રવચન સાંભળવાનો શોખ છે. તે ઉપરાંત સમાજને માટે કંઈક કરવાની ભાવનાથી શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટમાં પણ જોડાયા છે. આવા સાલસ, નિખાલસ વ્યક્તિ નવયુવક સંઘને મુખ્ય મહેમાન તરીકે પ્રાપ્ત થયા છે.

એ બદલ સંસ્થા ગૌરવ અનુભવે છે.

❖ ❖ ❖ ❖ ❖

એકવીસમી સદીમાં જાણનાર કોઈપણ વ્યક્તિ માટે તેની પાસે એક નહીં પરંતુ સાત શબ્દો છે. એ શબ્દો છેઃ જીવન જીવો, પ્રેમ કરો, શીખો, વિચારો, આપો, હસો, પ્રયત્ન કરો. (Live, Love, Learn, Think, Give, Laugh, Try.) ઉપરના સાત શબ્દોમાં કશું ઉમેરી શકાય એમ છે ? - એ શબ્દ છે - "RELAX"



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

આપણે બધાએ ભેગા મળીને ૧૪.૧૦.૨૦૦૬ના શનિવારે 'દાંડિયા રાસ' કાર્યક્રમ દ્વારા નવરાત્રીનો આનંદ માણ્યો. આશા રાખું છું કે આપ સૌને આ કાર્યક્રમમાં આનંદ આવ્યો હશે, અને હવે આવશે દિવાળી......

દિવાળી એટલે તમામ તહેવારોમાં શિરોમણી. દિવાળી એટલે દિવાઓ અને પ્રકાશનો તહેવાર. સમય રેતની માફક સરતો જાય છે. હજુ હમણાં તો દિવાળી ગઈ અને બીજી દિવાળીના પડઘમ સંભળાવા માંડયા! પ્રત્યેક દિવાળી સાથે આપણે મહિલા વિભાગનું સ્નેહ સંમેલન સંકળાયેલું છે. સ્નેહ સંમેલન હોય તેને શોભાવવા માનવંતા પ્રમુખમાં આપણી જ્ઞાતિની વ્યક્તિને પ્રમુખની રૂએ આમંત્રીને તેમનું યથાયોગ્ય સન્માન કરીએ છીએ. અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આ વર્ષના પ્રમુખ તરીકે અમારા આમંત્રણનો સ્વીકાર કરીને શ્રીમતી પદમાબેન પ્રવિણચંદ્ર દેસાઈ (દેડકી)એ પોતાની સંમતિ દર્શાવી છે. પહેલેથી જ આપણા સમાજમાં દેડકી કુટુંબનું દરેક ક્ષેત્રમાં ખૂબ જ આગવું યોગદાન રહ્યું છે.

આપ સૌની સગવડતાના કારણે આ વર્ષે આપણું સ્નેહ સંમેલન

તારીખ : ૯ મી નવેમ્બર ૨૦૦૬, ગુરૂવાર
સ્થળ : તેજપાલ હોલ, ગોવાલિયા ટેંક,
સમય : બપોરે ૩.૦૦ થી ૬.૦૦

ખાતે રાખવામાં આવ્યું છે. આ સ્નેહ સંમેલનમાં આપ સૌને આનંદ મળે તે હેતુથી 'જોડી કમાલકી' શિર્ષક હેઠળ એક અનોખા પ્રકારનો 'ગેમ શો' નવા રંગરૂપે રજુ કરવામાં આવશે. નીતાબેન ગાલા કાર્યક્રમનું સંચાલન કરશે. વિજેતાઓને આકર્ષક ઈનામો પણ આપવામાં આવશે. પ્રત્યેક મેમ્બરે રૂા. ૪૦/- (રૂા. ચાલીસ પુરા) આપીને પાસ તા. ૨૭.૧૦.૨૦૦૬ના રોજ બપોરે ૩.૦૦ થી ૬.૦૦ દરમિયાન સંસ્થાની ઓફિસમાંથી અથવા તો કોઈપણ કમીટીની બ્હેનો પાસેથી મેળવવાના રહેશે. આ સાથે નાસ્તાના પેકેટ પણ આપવામાં આવશે.

સ્નેહ સંમેલનની ગરિમા જળવાય માટે મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમ સફળ બનાવશો. એજ વિનંતી.

અમને જણાવતા આનંદ થાય છે કે આ વર્ષે કમિટિમાં બે નવી બહેનોનો ઉમેરો કરવામાં આવ્યો છે. શ્રીમતી લીના મંજુલ ધારિયા અને શ્રીમતી અમી હિતેશ ધારિયા જેની નોંધ લેવા વિનંતી.

*સંયોજક : નીના કડકીઆ*
*ફોન : ૯૮૨૦૨૭૭૭૮૯ - ૨૩૬૭૩૪૨૦*

## માનવતા

હે માનવતા ! ક્યાં હતી તું!
બહુ ફર્યો નાં દેખાણી તું
અને...... દેખાણી તો ક્યાં ?
મુંબઈના બોમ્બ બલાસ્ટમાં
ઘાયલોને સ્ટ્રેચરમાં નાખતા
લાશો ને ભેગી કરતા......................માનવોમાં
ભૂખ્યાને અન્ન આપતાં,
તરસ્યાને પાણી પાંતા,
સુરતના પૂરમાં ડૂબતાને પચાવતાં........માનવોમાં
વાહ ઈશ્વર! હજી પણ આ કલયુગના યુગમાં
માનવતાના દર્શન તો થયા

– *'સુલપ'*

# પહેલ કરેલ છે

**મારું મારું મારે છે**
**તારું તારું તારે છે**
**પરંતુ વતનની સંપત્તિ...**
**મારા વતનની સંપત્તિ... તેમાં ગર્વ અનુભવાય છે**

બાલાસિનોર... મારું ગામ... આપણા બધાનું જન્મસ્થાન તેમ જ આપણા વડીલોની જન્મભૂમિ. ભારતના ગામનાં વિકાસ શહેરોના વિકાસ કરતાં ઓછા થયા હોવાથી ગામવાસી પોતાના તેમ જ કુટુંબના (ખાસ કરીને પોતાના બાળકોના) વિકાસ માટે શહેરોમાં સ્થળાંતર કરવા લાગ્યાં. છેલ્લા ૫૦ થી ૭૦ વર્ષોમાં મુંબઈ, અમદાવાદ, કોલકાતા તેમ જ અમેરિકા... જગ્યાઓએ પોતાના ઘરો વસાવ્યા છે.

પ્રારબ્ધ પુરૂષાર્થ અને આવડતથી પ્રગતિના પગથિયા ચડતાં ગયા છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. બસના બદલે ગાડીમાં ફરે છે. ચાલીના સ્થાને ફ્લેટ અથવા બંગલામાં નિવાસ કરે છે અને વેકેશનમાં બાલાસિનોરના બદલે દેશ-વિદેશ ફરવા જાય છે. પોતાની પ્રગતિની સાથે સાથે સહકારના ભાવતાળા ગામવાસી માટે પ્રગતિમંડળો, નવયુંગ સંઘ, વિદ્યોતેજક મંડળ, મેડિકલ ટ્રસ્ટ વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે તે આનંદમય છે.

બાલાસિનોર નિવાસીની સંપત્તિ વધી છે તેટલી સહીયારી બાલાસિનોરની સંપત્તિમાં હજી જોઈએ એવી પ્રગતિ થઈ નથી. ગામમાં ધર્મશાળા, મુંબઈમાં મંગળવાડીમાં તેમ જ પરામાં થોડી રૂમો સિવાય સહીયારી મિલકત નથી. ગઈ અને આજની પેઢીએ મુંબઈમાં જગ્યા માટે બહુ મહેનત પણ કરેલ છે. પરંતુ જમીન-જગ્યાના ભાવ આસમાને ચઢતા ગયા અને આપણે બે કદમ પાછા પડતાં રહ્યાં. તેમ જ જ્ઞાતિની વસતીનું મુંબઈમાંથી પરામાં સ્થળાંતર થવાથી જગ્યા ક્યાં લેવી તે નક્કી કરવું મુશ્કેલ બન્યું. ભાવિ તેમ જ આજની પેઢીને તેનો કદાચ લાભ નહીં મળે.

પરંતુ અમદાવાદમાં હજુ જગ્યાના ભાવ પોષાય એવા છે. ભાવિમાં તેના ભાવ મુંબઈ જેવા વધશે કે નહીં તે કોઈ જાણતું નથી. આપણી જ્ઞાતિના લગભગ ૫૦ થી ૬૦ કુટુંબોનો નિવાસ છે.

અમદાવાદમાં સારી જગ્યા અત્યારે મેળવીએ તો તે આજના તેમ જ ભાવિ પેઢીને સદઉપયોગમાં આવશે. તદઉપરાંત બાલાસિનોરવાસી જ્યારે અમદાવાદ આવે (ખાસ કરીને માંદગીની સારવાર માટે) તેમજ મુંબઈવાસી બાલાસિનોર તેમ જ નાથદ્વાર જતા અથવા બીજા કોઈ કારણસર અમદાવાદ જાય ત્યારે જગ્યા ઉપયોગી થાય. અમદાવાદમાં રહેતા બાલાસિનોરવાસી તો આ જગ્યાનો સદ્ઉપયોગ કરી શકશે. મુંબઈવાસીનું માર્ગદર્શન અમદાવાદી અમલમાં મુકશે તો સ્ટેટ (યુએસએ)ના સહકારથી પ્રોજેક્ટ પૂર્ણ થશે ત્યારે વાડાસિનોરના વાણીયા વાપરશે.

*- ડૉ. નિકુંજ કે. પરીખ, અમેરિકા*

---

# શ્રીજી બાવા

અંત સમયના શ્રીજી બાવા, કેમ રહે નયનો પ્યાસા,
અનેક દોષોથી ભરેલો, આવ્યો હું ચરણોમાં તારા

લીલા તારી સમજી શક્યો ના, એવી બુદ્ધિ ક્યાં મારામાં
શરણ લીધું ચરણોમાં તારા, મુક્તિ દેજો શ્રીજી વ્હાલા

હર સાલ આવતો અનેકવેળા, તુજ મળવાને કાજ
પ્યાસના જોતી વેળા-કવેળા, દોટ મુકી મળવું આજ

અંત સમયે વય વધતો, મનમંદિરમાં આવીયો કાપ
માફ કરજે સાગર દયાના, જોઈ શક્યો ના તુજની રાહ

અંત સમયના શ્રીજી વ્હાલા, શરણ તમારે આવીયો આજ
ચરણ કમળમાં શીશ ઝુકાવી, દર્શન કરવા દોડીઓ આજ

*- 'ચાંદશા' ચંદ્રકાંત શાહ (ચટઈ)*

### શ્રી ગોકુલેશો જયંતી

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

ઉપરોક્ત સમાજની ૧૦મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૪-૯-૨૦૦૬ના દિવસે લાડની વાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૨ મુકામે મળી હતી.

આગામી ત્રણ વર્ષ માટે નીચેના ભાઈઓને કાર્યવાહક સમિતિમાં ચૂંટવામાં આવ્યાં. તે પછી ચૂંટાયેલા સભ્યોની મળેલી મીટિંગમાં સમાજના હોદ્દેદારોની પણ ચૂંટણી કરવામાં આવી.

| સભ્યોના નામ | હોદ્દેદારો |
|---|---|
| ૧. નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) | પ્રમુખ |
| ૨. નવનીતલાલ સાકરલાલ ધારીયા (માટલી) | ઉપપ્રમુખ |
| ૩. બિપીનચંદ્ર કિર્તનલાલ દોશી | મંત્રી |
| ૪. બંસીલાલ મણીલાલ ગાંધી | સહતંત્રી |
| ૫. રાજેન્દ્ર મણીલાલ કડકીયા (લટકારી) | સહમંત્રી |
| ૬. સુરેન્દ્રકુમાર રમણલાલ મોદી (ચોધરી) | ખજાનચી |
| ૭. રસિકલાલ રમણલાલ કડકીયા (આરઆર) | સભ્ય |
| ૮. રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાલા) | સભ્ય |
| ૯. રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાળા) | સભ્ય |
| ૧૦. અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા) | સભ્ય |
| ૧૧. સુરેન્દ્રકુમાર રમણલાલ દેસાઈ | સભ્ય |
| ૧૨. સતીષચંદ્ર ભીખાલાલ પરીખ (રોકડીયા) | સભ્ય |
| ૧૩. પ્રવીણચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) | સભ્ય |
| ૧૪. ઉપેન્દ્ર સુંદરલાલ કડકીયા | સભ્ય |
| ૧૫. મંજુલ શૈલેષકુમાર ધારીયા | સભ્ય |
| ૧૬. ધર્મેશ જયંતીલાલ શાહ | સભ્ય |
| ૧૭. કીર્તિકુમાર હીરાલાલ કડકીયા | સભ્ય |
| ૧૮. વસંતકુમાર શાંતિલાલ પરીખ (વકીલ) | સભ્ય |
| ૧૯. ગોપાલદાસ મગનલાલ શાહ (ગુંથરીવાળા) | સભ્ય |
| ૨૦. રજનીકાંત ચીમનલાલ દેસાઈ | સભ્ય |
| ૨૧. શૈલેષ બાબુલાલ શાહ | સભ્ય |
| ૨૨. સોમીલ જીતેન્દ્રકુમાર મોદી | સભ્ય |
| ૨૩. નીતિન સુરેન્દ્રકુમાર પરીખ (ચા ગરમ) | સભ્ય |
| ૨૪. મધુસૂદન ભીખાલાલ કડકીયા (ફાડિયા) | સભ્ય |

નીચેના ભાઈઓને કો-ઓપટેડતરીકે ચૂંટવામાં આવ્યાં છે.

(૧) રાજેશકુમાર જેઠાલાલ ગાંધી, (૨) રસિકલાલ મુળજીભાઈ દેસાઈ.

નિવૃત્ત થતાં પ્રમુખ શ્રી કાંતિલાલ લાલચંદ દોશીનું શાલ તથા ફુલોથી સન્માન કરવામાં આવ્યું.

*લિ. બિપીન કિર્તનલાલ દોશી*
*શ્રી વાડાસિનોર ગોકલેશ સમાજ, મંત્રી*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

**ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો આ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.**

**શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.**

**વધુ વિગત માટે સંપર્ક કરો.**

**મંજુલ શૈલેષ ધારીઆ**

**✆ : ૨૪૯૩૩૬૧૮ • ૫૬૮૦૨૪૪૧**
**૯૮૨૦૧૩૫૦૧૪**

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ

## અને

## બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

સહર્ષ જણાવવાનું કે ઉપયુક્ત મંડળ તથા ટ્રસ્ટ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના સહયોગથી રવિવાર તા. ૫-૧૧-૨૦૦૬ના દિવસે સવારના ૯.૦૦ કલાકે બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ - ૪૦૦ ૦૨૦ ખાતે નીચે જણાવેલ જ્ઞાતિના સખાવતી દાતાઓના સન્માનાર્થે એક સન્માન સમારંભનું આયોજન કરેલ છે.

આ પ્રસંગે માનનીય શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

**સન્માનીય સખાવતી દાતાઓ**

**શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ**

૧. શ્રી બાબુલાલ ચંદુલાલ શાહ (પડાળવાલા)
૨. શ્રી રમણીકલાલ સાકરલાલ ધારીયા - જજ
૩. શ્રી કીર્તનલાલ પુરષોત્તમદાસ દેસાઈ (પડાળવાલા)
૪. શ્રી કીર્તનલાલ મોહનલાલ શાહ (મલમ)
૫. શ્રીમતી સરોજબેન શશીકાંત દેસાઈ (દેડકી)
૬. શાંતાબેન નટવરલાલ ધારીઆ (દલાલ) હસ્તે જતીન કોટીઆ
૭. મધુરીબેન અને શ્રી નટવરલાલ ઓચ્છવલાલ દેસાઈ (પેઢીવાલા)
૮. શાંતાબેન બાબુલાલ પરીખ (રોકડીઆ)
૯. 'માનિકોશી' ન્યાસ ફંડ - એક અનામી દાતા
૧૦.શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીયા (મલમ)
૧૧.હસમુખબેન નટવરલાલ મોજીલાલ ધારીઆ
૧૨.શ્રીમતી સુધાબેન પ્રવીણચંદ્ર કોદરલાલ શાહ

**બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ**

૧. કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા)
૨. મણીબેન તથા મણીલાલ છોટાલાલ કડકીયા (લટકારી)
૩. કોકિલાબેન બાબુલાલ ચંદુલાલ પરીખ (બી.સી.)
૪. કોકિલાબેન જયંતીલાલ કડકીયા (વલ્લભઘેલા)
૫. સુભદ્રાબેન નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકતાવાળા)
૬. રેખાબેન જશવંત મંગળદાસ ધારીઆ (માટલી)
૭. શ્રી રોહિત રમણલાલ કડકીયા (મલમ)
૮. શ્રીમતી મધુબેન પ્રવીણચંદ્ર પરીખ (બખલી)
૯. ઉષાબેન શૈલેષભાઈ ધારીઆ (સુવિધા ટ્રસ્ટ)

આ પ્રસંગે મ્યુઝીકલ ઓર્કેસ્ટ્રા તેમ જ સમારંભની સમાપ્તિ બાદ જમણવારની વ્યવસ્થા કરવામાં આવી છે.

સમારંભની રૂપરેખા તેમ જ જમણવાર અંગેની સવિસ્તાર માહિતી આ અંકમા અન્યત્ર છપાયેલ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના સન્માનીય સખાવતી દાતાઓની જાહેરાત મુજબ રહેશે જેની નોંધ લેવા વિનંતી.

બાલાસિનોર જ્ઞાતિના સખાવતી દાતાઓનું ગૌરવ વધારવા અને સમારંભને સફળ બનાવવા આપશ્રીને હાજર રહેવા અમારું આગ્રહભર્યું આમંત્રણ છે.

સહર્ષ જણાવવાનું કે ઉપર્યુક્ત મંડળને ચાલુ માસ દરમિયાન નીચે જણાવેલ જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી ન્યાસ ફંડ માટેના દાનવચન પ્રાપ્ત થયેલ છે.

શ્રી મોહનલાલ ચુનીલાલ કડકીયા (મલમ) - રૂા. ૧,૦૦,૦૦૦ (૨) હસમુખબેન નટવરલાલ મોજીલાલ ધારીઆ - રૂા. ૧,૦૦,૦૦૦, (૩) શ્રીમતી સુધાબેન પ્રવીણચંદ્ર કોહરલાલ શાહ - રૂા. ૧,૧૧,૧૧૧. બાબા નિશીષકુમાર, ઉષાબેન શૈલેષકુમાર ધારીઆ - સુવિધા ટ્રસ્ટ, રૂા. ૧,૦૦,૦૦૦.

મંડળની કારોબારીના સભ્યો તેમ જ ટ્રસ્ટીઓ ઉપર્યુક્ત દાતાઓનો આભાર માનતા હર્ષની લાગણી અનુભવે છે.

***- અસીત રમેશચંદ્ર દેસાઈ***
***કિરીટ રમણલાલ કડકીયા (મલમ)***
***માનદ્ મંત્રીઓ***



# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરસ્કૃત
# ટેલીફોન ડીરેક્ટરી ૧૦મી આવૃત્તિ

## જાહેર ખબર

આ ટેલિફોન ડીરેક્ટરીમાં થોડી જાહેરખબરો લેવામાં આવશે. વહેલો તે પહેલોના ધોરણે જેના દર નીચે મુજબના છે.

| | |
|---|---|
| **1. Front Cover Back** | **10,000.00** |
| **2. st Page (Front Cover Back Opposite)** | **10,000.00** |
| **3. Last Cover Back** | **10,000.00** |
| **4. Last Page (Last Cover Back Opposite)** | **10,000.00** |
| **5. 1st Page Back (2nd page)** | **5,000.00** |
| **6. Last Page Back (2nd Last Page)** | **5,000.00** |
| **7. Full Page Inside** | **2,000.00** |
| **8. Lable Tag.** | **5,000.00** |
| **9. Well wisher 'Strip' on Each page** | **3,00.00** |

(''જે જે શ્રી ગોકલેશ'' નામ અને એક ટેલિફોન નંબર લખાશે.) ફક્ત ૧૫૦ નામ લેવાના છે. વહેલો તે પહેલો ધોરણે.

નમ્ર વિનંતી આવનાર કાર્યકર્તાઓને આપનો સાથ સહકાર આપશો.

*સંયોજક : હેમેન્દ્ર આર. શાહ*

*૯૮૨૦૦ ૧૧૫૮૬, ૨૮૦૫ ૦૭૩૫*

*મંત્રી : પ્રદીપ પ્ર. કડકીયા - ૨૨૦૧ ૮૩૨૬*

આ સાથે ટેલિફોન ડીરેક્ટરી માટે છેલ્લી વાર ફોર્મ છપાવ્યું છે. તા. ૨૫-૯-૨૦૦૬ સુધીમાં જેમણે ન મોકલાવ્યું હોય તે ફોર્મ લાસ્ટ ટેલિફોન ડીરેક્ટરી પ્રમાણે પ્રીન્ટિંગ થઈ જશે. ૯મી આવૃત્તિ પછી પરણેલા છોકરાઓના (ફોર્મની ઝેરોક્ષ કરાવી) અલગ આપણી દીકરીઓના ફોર્મમાં પહેલા પિતાના નામ સાથે લખવું અને બીજી લાઈનમાં એના પતિ સાથે નામ લખવું. આ આવૃત્તિમાં બાલાસિનોર, બહાર ગામ તથા આઉટ ઓફ ઈન્ડિયામાં રહેતા બાલાસિનોરવાસીઓના ટેલિફોન, મોબાઈલ, ઈ-મેઈલનો સમાવેશ કરવામાં આવશે. તો એની વિગતો મુંબઈમાં રહેતા એમના સગા-વ્હાલાઓ અમને આપી શકશે અથવા બહારગામ રહેતા ડાયરેક્ટર અમને પોસ્ટ - કુરીયર કરી મોકલી આપે. આપનો સાથ સહકાર આપવા વિનંતી.

*મંત્રી : પ્રદીપ કડકીયા*

*સંયોજક : હેમેન્દ્ર શાહ*

**જેમણે ટેલીફોન ડીરેકટરીના ફોર્મ ભરી નથી મોકલાવ્યા એમને માટે આ છેલ્લીવાર ચાન્સ આપવામાં આવે છે. તો મહેરબાની કરી તા. ૩૦.૧૦.૨૦૦૬ પહેલા મોકલી આપવા મહેરબાની કરશો. હવે પછી ફોર્મ જયોતિપુંજમાં આવશે નહી. ટેલીફોન ડીરેકટરીનું પ્રીન્ટીંગ કામ ચાલુ થઈ ગયું છે.**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત**

# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરસ્કૃત ટેલીફોન ડીરેકટરી ૧૦ મી આવૃત્તિ

**કુટુંબના વડા તથા પરિણીત પુત્રોના ફોર્મ ઝેરોક્ષ કરી અલગ ભરવા.**

**Vasti Patrak No.** ................................

**Surname** **First Name** **Middle Name** **Nick Name** (ખીજ)

**Resident Tele No.- (1)** ---------------------------------------------- **(2)** ----------------------------------------

**Office Tele No.- (1)** ---------------------------------------------- **(2)** ----------------------------------------

**Mobile No. - (1) (Husband)** ------------------------------- **(2) (Wife/Son/Any one)** -------------------

**Email No. - (1)** ---------------------------------------------------------------------------------------------

**Note :** Form must be filled in English with good handwritting

બહારની નાતમાં પરણેલી છોકરીએ પિતાનું નામ લખવું જરૂરી છે.
ઉપર આપેલી વિગત મારી જાણ મુજબ બરાબર છે. એમાં થયેલી ભુલ માટે સંસ્થા જવાબદાર રહેશે નહી.

**નોંધ : તા. ૨૫.૯.૦૬ પહેલા ફોર્મ ભરી મોકલી આપવા વિનંતી.**
**બાલાસિનોર, બહારગામ અને આઉટ ઓફ ઈંડિયામાં વસતા બાલાસિનોરવાસીઓના ટેલીફોન નંબર આ આવૃત્તિમાં પ્રકાશીત થશે. એની વિગત મોકલી આપવી,**

**કુટંબના વડાની સહી**

**કન્વીનર : હેમેન્દ્ર રમણલાલ શાહ :** ૨૮૦૫૦૭૩૫/૯૮૨૦૦૧૧૫૮૬ **સેક્રેટરી : પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીયા :** ૨૨૦૧૮૩૨૬

# કોલ્હાપુર (મહારાષ્ટ્ર)માં સત્સંગ હોલ શ્રી યાત્રી નિવાસ યાત્રાળુઓ માટે રહેવાની સુવિધા

કોલ્હાપુરના પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના ભક્તોએ શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલી બાંધી બાજુના પ્રાંગણમાં ફાળો કરી રૂા. ૪૦ લાખના ખર્ચે યાત્રી નિવાસ બનાવેલ છે.

યાત્રાળુઓ (વૈષ્ણવો)નું કોલ્હાપુર 'દક્ષિણ કાશી' કહેવાય છે. અત્રે શ્રી મહાલક્ષ્મીજીનું પુરાતન મંદિર છે. શ્રી તિરૂપતિ બાલાજીના દર્શન કરી શ્રી મહાલક્ષ્મીજીના દર્શન કરવાથી યાત્રા પુરી થાય છે એમ માનવામાં આવે છે. ગોવાની બેઠકજીના તથા અત્રે શ્રી ઠાકોરજીના દર્શનાર્થે યાત્રાળુઓ બારેમાસ આવતા હોય છે.

કોલ્હાપુર ઔદ્યોગિક શહેર હોવાથી રહેવાની વ્યવસ્થા ખૂબ જ મોંઘી હોય છે. યાત્રાળુઓ માટે અત્રેના વૈષ્ણવ સમાજે ટ્રસ્ટ બનાવી મધ્ય વસ્તીમાં ત્રણ માળની બિલ્ડિંગ બનાવી રહેવાની ખૂબ સરસ સગવડતા ઉપલબ્ધ કરેલ છે. (તા. ૧-૧-૨૦૦૬ના રોજથી કાર્યરત થયેલ છે.)

(૧) તેમાં રહેવા માટે Attached Toiled commodeવાળા ૭ રૂમ છે. (ભરપૂર હવા ઉજાસવાળા)
(૨) તેમ જ Multi - purpose Hall with Toilets છે.
(૩) ૨૪ કલાક પાણી તથા પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ છે.
(૪) Cooler તથા Airconditioningની બે રૂમ માટે વિચારણા ચાલે છે.
(૫) અગાઉથી બુકિંગ વ્યવસ્થા છે.
(૬) ટ્રસ્ટના નિયમાનુસાર ચાર્જીસ ભરવાના રહેશે.

જેમણે લાભ લેવો હોય તેમણે વિગતો જાણવા માટે નીચેના ફોન પર જાણી શકશે.

(૧) શ્રી ચંદ્રકાંત ધીરજલાલ મહેતા ફોન નં. (ઓ) ૨૬૪૦૯૭૬, (ઘર) ૨૫૩૭૭૬૫, (૨) શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલી મુખ્યાજી - ફોન નંબર - ૨૬૫૮૯૫૮.

એક માણસના દ્વાર પર મૃત્યુ આવી ઊભું. ઘંટડી વાગે તે માણસે પૂછ્યું, 'કોણ છે ?' જવાબ મળ્યો, 'મૃત્યુ છું'. તે માણસ બોલ્યો, 'ઓહ! આભાર ભગવાનનો! હું તો સમજ્યો કે ઈન્કમ ટૅક્સ વિભાગના માણસો છે......

# ને હું બચી ગયો......!

બોમ્બ બ્લાસ્ટ થયો ને એક જ વાત કાને આવી...
કે' હું બચી ગયો.....
કામે પરામાં જવાની જ હતી ત્યાં......
બાબાએ મને ટોકી' ને હું બચી ગઈ......
કામ પતાવો પુરું પછી જાવ ઘરે
શેઠે વાત કરી ઝોખી ઝોખી' ને હું બચી ગઈ......
બ્લાસ્ટ થયો એજ ટ્રેન પકડવા દોડયો'તો
સારું થયું એ ટ્રેનના પકડાઈ' ને હું બચી ગયો....
એને તૈયાર થતાં વાર લાગી
અને ટ્રેન અમારી ગઈ ભાઈ'ને હું બચી ગયો
એકે કહ્યું જે ટ્રેનમાં હું બેસ્યો'તો
એ ટ્રેનમાં બોમ્બ જ ન ફુટયો'ને હું બચી ગયો
એક હાથ હુંઠો થયો, બીજો હાથ સલામત રહ્યો
એણે પણ કહ્યું' હું બચી ગયો
જે ડબ્બામાં બોમ્બ ફુટયો....
જેનાં અંગે અંગના ફુરચા થયાં....
એના આત્મા એ પણ આવીને કહ્યું
કે' હાશહું ગયો.... ને હું બચી ગયો...'ને હું બચી ગયો.

*- ઉપેન કડકીઆ*

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ
# અને
# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મેડિકલ ટ્રસ્ટ

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળની ૭૮મી વાર્ષિક સામાન્ય સભા અને શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળની ૨૭મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના દિવસે શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (લટકારી)ના પ્રમુખસ્થાને હિંદી વિદ્યાભવન, એસ.કે.સોમાણી મેમોરીયલ હોલ, ૭૯, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦માં મળી હતી.

સભામાં વર્ષ ૨૦૦૫-૨૦૦૬ના કાર્યવાહક સમિતિના અહેવાલ, વર્ષ ૨૦૦૫-૨૦૦૬ના મંડળ, મંડળ સંચાલિત વિવિધ ટ્રસ્ટો અને મેડિકલ ટ્રસ્ટના અન્વેષિત હિસાબી નિવેદનો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

ચૂંટણી કમિશનર શ્રી કીર્તિ નટવરલાલ દેસાઈ (દેડકી)એ વર્ષ ૨૦૦૬-૨૦૦૯ માટે નીચેના સાત સભ્યોને ચૂંટાયેલા જાહેર કર્યાં હતાં.

(૧) શ્રી અરવિંદ ચીમનલાલ પરીખ, (૨) શ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆ, (૩) શ્રી કીર્તિ હીરાલાલ કડકીયા, (૪) શ્રી નીતિન પ્રવીણચંદ્ર ગાંધી, (૫) શ્રી પરેશ રસિકલાલ પરીખ, (૬) શ્રી સતીષ ભીખાલાલ પરીખ, (૭) શ્રી શશીકાંત રમણલાલ દોશી.

પ્રમુખશ્રીના પ્રવચન અને આભારવિધિ બાદ સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

કાર્યવાહક સમિતિની પ્રથમ સભા તે જ સ્થળે કાર્યવાહક પ્રમુખ શ્રી રસિકલાલ રમણલાલ કડકીયાના પ્રમુખસ્થાને મળી હતી. જેમાં નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂક તથા સહાયક સભ્યોની નિમણૂક અને જુદી જુદી પ્રવૃત્તિઓ માટેના સંયોજકો વગેરેની નિમણૂક વર્ષ ૨૦૦૬-૦૭ માટે કરવામાં આપી હતી.

**હોદ્દેદારો :** (૧) શ્રી વસંત શાંતિલાલ પરીખ - પ્રમુખ, (૨) શ્રી યોગેશ રમણીકલાલ ધારીયા - ઉપપ્રમુખ, (૩) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ - ઉપપ્રમુખ, (૪) શ્રી પંકજ કાંતિલાલ ધારીઆ - મંત્રી, (૫) શ્રી દક્ષેસ બાબુલાલ કડકીયા - મંત્રી, (૬) શ્રી કીર્તિ નટવરલાલ દેસાઈ - ખજાનચી, (૭) શ્રીમતી સોહિણી યોગેશ કડકીઆ - ખજાનચી.

**સહાયક સભ્યો :** (૧) શ્રી નવીનચંદ્ર જેઠાલાલ શાહ (વડોદરાવાલા), (૨) શ્રી રૂપીન પૂનમચંદ કડકીઆ (બેરા).

**મંડળની પ્રવૃત્તિઓના સંયોજકો :** (૧) શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) - અન્ન સહાય યોજના, શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (લટકારી), (૨) શ્રીમતી તારાબેન રતિલાલ પરીખ જીવન નિર્વાહ યોજના, શ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆ (લાલખાં), (૩) શ્રીમતી પુષ્પાબેન રસિકલાલ આર. કડકીઆ - લગ્ન રાહત યોજના, શ્રી વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી), (૪) સભ્યોની લગતી બાબતો માટે શ્રી કીર્તિ હીરાલાલ કડકીઆ (લટકારી).

**મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિઓના સંયોજકો :** (૧) ડો. અક્ષય દીનકરલાલ શાહ (સેવક) - મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ, (૨) શ્રીમતી કીન્નરીબેન અક્ષય શાહ - મેડિકલ સેન્ટરના વહીવટકર્તા, (૩) શ્રી રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) - ગવર્નિંગ કાઉન્સિલ, (૪) શ્રી કૌશિક કાંતિલાલ કડકીઆ - મેડિકલ રીલિફ સમિતિ.

***- પંકજ કાંતિલાલ ધારીઆ, દક્ષેશ બાબુલાલ કડકીઆ***
***માનદ્ મંત્રીઓ***

# એક અનોખો પર્વ ઉજવાયો આંગણીયે આપણે...

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડિકલ ટ્રસ્ટ ૭૫ વર્ષ અને ૨૫ વર્ષ ઉજવણી પર્વ વખતે મળેલા રૂપિયા ૧,૦૦,૦૦૦.૦૦ અથવા એથી વધુની રકમના દાનના દાતાઓનાં બહુમાનનો કાર્યક્રમ તા. ૧૭-૯-૨૦૦૬ના રવિવારે સવારે ૯.૩૦ કલાકે બીરલા માતુશ્રી સભાગૃહ મરીન લાઈન્સ ખાતે મંડળ તથા ટ્રસ્ટના પ્રમુખ શ્રી રજનીકાંત કાં. કડકીઆ (લટકારી)ના પ્રમુખપદે યોજાયો. શરૂઆતમાં કવિતામૂર્તિ તથા સાગર તેંડુલકરના સુમધુર જૂના તથા નવા ગાયનોથી પ્રોગ્રામની શરૂઆત થઈ. લગભગ એક કલાકના પ્રોગ્રામમાં સૌને સંગીતમાં તલ્લીન કરી દીધા. પાંચથી દસ મિનિટના વિરામ બાદ પ્રોગ્રામમાં પ્રભુ ભક્તિનાં ગીત શ્રીમતી સુરેખાબેન કડકીઆ, ભારતીબેન અને મૃદુલાબેને સંભળાવી પ્રોગ્રામની શરૂઆત કરી. શ્રી નિખીલ પરીખ (લાય) સંચાલન કરતા કરતા દાતાઓનો પરિચય પણ આપ્યો. મંત્રી શ્રી યોગેશ ધારીઆએ સ્વાગત પ્રવચન આપ્યું અને મંડળ તથા ટ્રસ્ટની ટુંકી ઝાંખી કરાવી. પ્રમુખશ્રીએ દરેકે દરેક મહેમાનો તથા દાતાઓને આવકાર્યા.

શ્રી પી.કે.શાહ જ્યારે પ્રમુખ હતો ત્યારથી અત્યાર સુધી જેટલા દાતાઓએ રૂા. એક લાખ ઉપરનું દાન આપ્યું હતું. એનું લિસ્ટ એબીસીડી પ્રમાણે ગોઠવી અગિયાર લાખના એક, પાંચ લાખના એક, અઢી લાખના ૬ તથા એક લાખના ૩૩, કુલ્લે ૪૧ દાતાઓનું બહુમાન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

બધા દાતાઓનું બહુમાન એક સાથે શક્ય ન હોવાથી આ પ્રોગ્રામનો બીજો ભાગ આવતી કારોબારી સમય સંજોગો જોઈને નજીકના ભવિષ્યમાં કરશે અને આ જ રીતે બહુમાનનો બીજો તબક્કો પણ પરિપૂર્ણ થશે.

આખા પ્રોગ્રામની પાછળ મંત્રી શ્રી યોગેશ ધારીઆ, પ્રમુખ શ્રી રજની કડકીઆ, લટકારી અને ઉપપ્રમુખ શ્રી જતીન દેસાઈએ જવાબદારી લીધી હતી. બીજા પ્રોગ્રામ વખતે પણ આવી રીતે જવાબદારી વહેંચી લેવામાં આવશે.

મંચ પર બિરાજેલા દરેકે દરેક હોદ્દેદારોને શાલ ઓઢાડવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. શ્રી દક્ષેષ કડકીઆ, શ્રી અરવિંદ પરીખ, શ્રી પંકજ ધારીઆ, શ્રી વસંત પરીખ, શ્રી યોગેશ ધારીઆ તથા શ્રી જતીન દેસાઈ, શ્રી રજની કડકીઆ પ્રમુખે દરેકે દરેક દાતાઓને સુંદર મોમેન્ટો અર્પણ કર્યાં.

સર્વપ્રથમ દાતાશ્રી નગીનદાસ લાલચંદ પારેખ જેમણે અગિયાર લાખ રૂપિયા આપ્યાં હતાં. તેમનાથી બહુમાનની શરૂઆત થઈ. નીચે મુજબના કુલ્લે ૪૧ દાતાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. સર્વ ઈચ્છાએ મોમેન્ટો કે શાલ નહીં સ્વીકારવાના દાતાઓનો પણ ટુંકો પરિચય આપવામાં આવ્યો હતો. દાતાઓનો પરિચય શ્રી મોહનભાઈ પરીખ (લાય), શ્રી નવનીતભાઈ ધારીઆ (માટલી), શ્રી નિખીલભાઈ પરીખ (લાય) તથા શ્રીમતી નીશાબહેન જતીન દેસાઈએ આપ્યો હતો.

આ પ્રોગ્રામ લગભગ એક વાગે પૂરો થયો હતો. પ્રોગ્રામ દરમિયાન દરેક આવનાર વ્યક્તિને કાજુ તથા બદામપુરીના પેકેટ આપવામાં આવ્યાં હતાં. અને આ રીતે એક અનોખો પર્વ ઊજવાયો આંગણે આપણે.

દાતાઓના નામો જેમનું બહુમાન પહેલા તબક્કામાં કરવામાં આવ્યું હતું.

(૧) શ્રી નગીનદાસ લાલચંદ પરીખ

(૨) સ્વ. તારાબેન રતિલાલ પરીખ
(૩) સ્વ.લીલાબેન અને ડો. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ
(૪) સ્વ.મધુકાંતા જયંતિલાલ પુરુષોત્તમદાસ દેસાઈ
(૫) સ્વ. નવનીતલાલ સાંકરલાલ દેસાઈ
(૬) શ્રી શશીકાંત ઓચ્છવલાલ દેસાઈ (દેડકી)
(૭) શ્રીમતી કુસુમબેન નવનીતલાલ ધારીઆ
(૮) શ્રીમતી શાંતાબેન કાંતિલાલ લાલચંદ દોશી
(૯) સ્વ. ચંદનબેન મણીલાલ ગાંધી,
સ્વ. ચંદ્રિકાબેન શશીકાંત ગાંધી
(૧૦) સ્વ. લીલાબેન પ્રવીણચંદ્ર કચેરીયા
(૧૧) સ્વ. કાંતિલાલ ગરબડદાસ દોશી (ડોબુ)
(૧૨) સ્વ. કમળાબેન રમણલાલ દેસાઈ
(મેનપુરાવાલા)
(૧૩) સ્વ. કિર્તનલાલ પુરુષોત્તમદાસ દેસાઈ
(પડાલવાલા)
(૧૪) સ્વ. ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ
(૧૫) શ્રીમતી મીનાક્ષી રાજેન્દ્ર દેસાઈ
(૧૬) શ્રી રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ
(૧૭) સ્વ. રમણીકલાલ મણિલાલ દેસાઈ
(ઈન્દોરવાળા)
(૧૮) સ્વ. કલાબેન કાંતિલાલ ધારીઆ
(અમદાવાદવાળા)
(૧૯) શ્રી કૃષ્ણકાંત કિર્તીલાલ ધારીઆ
(૨૦) સ્વ. લલિતાબેન મોજીલાલ ધારીઆ
(૨૧) સ્વ. મણીબેન ઓચ્છવલાલ ધારીઆ
(૨૨) સ્વ. રમણીકલાલ સાકરલાલ ધારીઆ
(૨૩) સ્વ. રસિકલાલ ચુનીલાલ ધારીઆ (દલાલ)
(૨૪) શ્રી બિપીન કિર્તનલાલ દોશી
(૨૫) સ્વ. ચંદનબેન ભીખાલાલ દોશી
(૨૬) શ્રી કચરાલાલ રમણલાલ દોશી
(૨૭) શ્રી કિરણભાઈ બાબુલાલ દોશી
(૨૮) સ્વ. ચંદનબેન મણીલાલ ગાંધી
(૨૯) શ્રી હરેન સાકરલાલ ગાંધી
(૩૦) શ્રીમતી ઈન્દિરાબેન હરીશ ગાંધી
(૩૧) સ્વ. કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી)
(૩૨) શ્રીમતી શાંતાબેન જમનાદાસ ગાંધી
(૩૩) સ્વ. સુભદ્રાબેન નવીનચંદ્ર કચેરીયા
(૩૪) શ્રી બાબુલાલ મણીલાલ કડકીયા
(૩૫) શ્રીમતી ગીરીપુજા -
કોકિલાબેન પ્રવીણચંદ્ર પુમનચંદ કડકીઆ
(૩૬) સ્વ. કુસુમબેન નવનીતલાલ કડકીયા
(૩૭) શ્રીમતી લીલાબેન બાબુલાલ કડકીઆ
(૩૮) શ્રીમતી મંજુલાબેન કાંતિલાલ કડકીઆ
(૩૯) સ્વ. મંજુલાબેન કિર્તનલાલ કડકીઆ
(૪૦) શ્રી શાંતિલાલ ચંદુલાલ પરીખ (કુવાવાલા)
(૪૧) શ્રીમતી શકુંતલાબેન પુમનચંદ કડકીઆ

✤ ✤ ✤ ✤ ✤

## બાલાસિનોરનું ગૌરવ

**ડૉ.કિરણ એન. શાહ** જેઓ જનરલ તથા કોલોન રીટલ સર્જન તરીકે ૧૯૯૦ થી કાર્યરત છે અને ભાટીયા હોસ્પટલ, સૈફ તથા કોઠારી હોસ્પીટલમાં પોતાની સેવા આવે છે. તેઓએ બાલાસિનોરનું ગૌરવ અપાવ્યું છે.

હાલમાં તેઓની ઓનરરી ફેલોશીપ ઓફ એસોસીએશન ઓફ કોલન એન્ડ રીટલ સર્જન ઓફ ઈન્ડીયાનો એવોર્ડ આપવામાં આવ્યો છે. આ એક F.A.C.R.S.I. જેવી ડીગ્રી છે. જે તેઓને તેઓના કામના પરફેકશન અને પેશન્ટને ટ્રીટ કરવાની ઉચ્ચતમ ક્ષમતા માટે પુના ખાતે આપવામાં આવી છે. ડૉ. કિરણભાઈને બાલાસિનોરવાસીઓ તરફથી ખુબ ખુબ અભિનંદન.

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## સમાજને મળેલી બે સ્કીમના દાતાઓ નીચે મુજબ છે

**(૧) શ્રીમતી પ્રતિભાબેન અરવિંદભાઈ પરીખ અને શ્રી અરવિંદભાઈ ચંદુલાલ પરીખ**

### ''રીકરિંગ યોજના''

તેમના કુટુંબીજનો તરફથી તેમની ઈચ્છા મુજબ રૂા. પાંચ લાખ (અંકે રૂા. ૫,૦૦,૦૦૦)નું દાન સમાજને મળ્યું છે. આ ભંડોળના વ્યાજની આવકમાંથી સમાજ રીકરિંગ યોજના ચલાવશે. જે કુટુંબની માસિક આવક ૫,૦૦૦ થી ઓછી હશે તે કુટુંબના એક બાળકનું રીકરિંગ ૧૦૦ રૂપિયાનું તેના વડીલો ખોલાવશે તો સમાજ ૧૦૦ રૂપિયા ઉમેરી ૨૦૦ રૂપિયાનું રીકરિંગ રાખશે જે રકમ બાળક ૨૧ વર્ષનું થશે ત્યારે તેને મળશે.

**(૨) શ્રીમતી લીલાબેન બાબુલાલ દેસાઈ અને ડો. બાબુલાલ સાંકરલાલ દેસાઈ**

### વિદ્યાર્થી સહાય યોજના

તેમના કુટુંબીજનો શ્રીમતી અંજુબેન કિરીટભાઈ મોદીએ તેમની ઈચ્છા મુજબ રૂા. પાંચ લાખ (અંકે રૂા. ૫,૦૦,૦૦૦)નું દાન સમાજને આપ્યું છે. આ ભંડોળના વ્યાજની આવકમાંથી સમાજ વિદ્યાર્થી સહાય યોજના ચલાવશે. જે કુટુંબની માસિક આવક ૫,૦૦૦ થી ઓછી હશે તે કુટુંબના એક બાળકને સ્કુલે જતાને રૂા. ૧૦૦/- અને કોલેજમાં જતા વિદ્યાર્થીને રૂા. ૧૫૦/- માસિક ખર્ચ પેટે આપવામાં આવશે.

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ બન્ને યોજના દાતાઓ તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

*મંત્રી : પંકજ ધારીયા, ભદ્રેશ ધારીયા*

---

# વ્યથા

કોને કહુ આ મનની વ્યથા
છે આખી દુનિયાની આ કથા
દિકરો નથી લઈ જતો સ્વર્ગમાં
દિકરી નથી લઈ જતી નરકમાં
તોયે દુનિયા પડી છે ભેદભાવના તર્કમાં
નથી કોઈ સાથે લાવ્યા નથી કોઈ સાથે લઈ જવાના

તોયે ભેદભાવ કરે છે સાસુ સસરા
પ્રોપર્ટીના નામે થાય છે ઝઘડા
નથી જાણતી દુનિયા કેમ થાય છે
આ અન્યાય પોતાના સાથે
નથી કોઈ સાથે લાવ્યા નથી કોઈ સાથે લઈ જવાના

ઝઘડા અને મારા મારી રીવાજો નથી બદલાતા
બાળ નાના હતા ત્યારે હસતાં રમતાં સાથે
યુવાનીમાં થયા જુદા ઘર બાર
જાણવા છતાં ડર નથી દુનિયાના લોકોને
ફળ ભોગવવાનું છે અહીંનું અહીં બધાને
ખુરશી અને હોદ્દો નથી પોતાના કાયમ માટે
છતાં ઝઘડા અને મારામારી થાય છે ભાઈ-ભાઈ સાથે
કથા છે આ દુનિયની તોયે નથી
સમજતો માનવી કઈ દુનિયાની આ કથા

*- રૂપલ રજનીકાંત પરીખ , વડદલાવાળા (કાંદીવલી)*

## ક્ચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ

### બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ પૂરગ્રસ્તોની મદદે:

બાલાસિનોરની આસપાસ મહીસાગર કાંઠે આવેલ પૂરગ્રસ્તો માટે આરોગ્યલક્ષી સેવાઓ બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પીટલના મોબાઈલ યુનિટે મફત પૂરી પાડતાં ગામડાના ગરીબ દર્દીઓ માટે આ સેવા આશિર્વાદરૂપ બની છે. હોસ્પીટલના ઈચ્છાબેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) મોબાઈલ વિભાગ દ્વારા તા. ૧૨ થી ૨૬ ઓગસ્ટ-૦૬ દરમ્યાન સાંગોલ, વનોડા, પરબીયા, કુણી, ઝાંખરીયા, કોતરબોર, વણાકબોરી, મોઢણ, માંઠાંના મુવાડા, વાડીનાથ, ગઢના મુવાડા, કઢૈયા, મેનપૂરા વગેરે ગામોમાં ડોક્ટરોની ટીમ સાથે પહોંચી દર્દીઓની સારવાર કરેલ. કુલ ૨૦૨૧ દર્દીઓને તપાસીને રૂા.૩૫૦૦૦/- ની દવાની માફી કરવામાં આવેલ. મફત દવા આપવામાં આવેલ.

**કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ**

હોસ્પિટલમાં **"Blood Storage Centre"** સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અંગે નામકરણ માટે રૂા. ૫.૦૦ લાખ અથવા વધુનું દાન આપનાર દાતાનું નામ જોડવામાં આવશે. વધુ માહિતિ માટે સંપર્ક સાધવા વિનંતી.

*મંત્રીઓ - ધીરુભાઈ શેઠ - રાજેન્દ્ર દેસાઈ*

### બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પીટલમાં આરોગ્ય મેળો:

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્યના ઉપક્રમે બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પીટલમાં તા.૩ અને ૧૭ સપ્ટેંબર-૦૬ રોજ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ.

તા.૩-૦૯-૦૬ ના રોજ કુલ ૪૫૦ દર્દીઓએ લાભ લીધેલ અને ૯૪ પેથોલોજીના ટેસ્ટ કરવામાં આવેલ. તેમ જ તા. ૧૭-૦૯-૦૬ ના રોજ કુલ ૩૨૫ દર્દીઓએ લાભ લીધેલ. અને ૨૦ પેથોલોજીના ટેસ્ટ કરવામાં આવેલ આ બંન્ને કેમ્પમાં વધુમાં વધું સાત દિવસની દવા, સામુહિક આરોગ્ય કેન્દ્ર, બાલાસિનોર તરફથી ફ્રી આપવામાં આવેલ આ બંન્ને કેમ્પમાં યોગ્ય રીતે બેઠક વ્યવસ્થા તેમ જ કેમ્પનું સફળ આયોજન હોસ્પીટલ સ્ટાફ તરફથી કરવામાં આવેલ. ખે.જિ.પં.પ્રમુખશ્રી તેમ જ જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી એ હોસ્પીટલની મુલાકાત લીધેલ.

- દરેક હાલમાં, દરેક પળમાં, દરેક ખ્યાલમાં ખુશખુશાલ રહો ! સૂરજ ઊગે છે ત્યારે લાલમ લાલ હોય છે, આથમે છે ત્યારે પણ લાલમ લાલ હોય છે.
- માતાની એક ઝુંપડીમાં સાત દીકરા સમાઈ જાય છે અને સાત દીકરાના મહેલોમાં માતાજી ભારે પડે છે.
- આખા જગતનું જોમ પણ જે કામ ન કરી શકે, તે કામ માતાની એક આંખનું એક આંસુ કરી શકે છે.

# બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળ લિમિટેડ

૫, ગણેશકૃપા, સિક્કા નગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**ખુશ ખબર**

આથી સર્વે શેર હોલ્ડર - ગ્રાહક બંધુઓને જણાવતા હર્ષ થાય છે કે ચાલુ વર્ષે પણ દિવાળીમાં સુકા મેવાના યુનિટો બનાવવાના છે. તો આપ સૌ જરૂરથી સાથ સહકાર આપી આપની જરૂરિયાત મુજબ યુનિટો નોંધાવશો.

| | **આખા યુનિટ** | **અડધા યુનિટ** |
|---|---|---|
| બદામ અમેરિકન | ૫૦૦ ગ્રામ | ૨૫૦ ગ્રામ |
| કાજુ આખા | ૫૦૦ ગ્રામ | ૨૫૦ ગ્રામ |
| કાજુ ખારા | ૫૦૦ ગ્રામ | ૨૫૦ ગ્રામ |
| કીસમીસ (સુકી) | ૫૦૦ ગ્રામ | ૨૫૦ ગ્રામ |
| પીસ્તા (મોળા) | ૨૦૦ ગ્રામ | ૧૦૦ ગ્રામ |
| અખરોટ (મગજ) | ૨૦૦ ગ્રામ | ૧૦૦ ગ્રામ |
| ઈલાયચી | ૧૦૦ ગ્રામ | ૫૦ ગ્રામ |
| ચોકલેટ | ૪૦૦ ગ્રામ | ૨૦૦ ગ્રામ |

**આખા યુનિટનો દર રૂા. ૧૩૦૦/-  અડધા યુનિટનો દર રૂા. ૭૦૦/-**

**સુકા મેવાના છુટક ભાવ (એક કિલોના) વેચાણ માટે**

| | | | |
|---|---|---|---|
| માંમરો બદામ | ૯૮૦.૦૦ | પીસ્તા મોળા | ૬૫૦.૦૦ |
| અમેરિકન બદામ | ૬૦૦.૦૦ | પીસ્તા ખારા | ૪૦૦.૦૦ |
| કાજુ | ૪૦૦.૦૦ | અખરોજ મગજ | ૪૫૦.૦૦ |
| કાજુ બે ટુકડા | ૩૨૦.૦૦ | અંજીર | ૪૨૦.૦૦ |
| કાજુ ચાર ટુકડા | ૨૮૦.૦૦ | જરદાલુ | ૩૫૦.૦૦ |
| કાજુ ખારા | ૪૨૦.૦૦ | ઈલાયચી | ૬૫૦.૦૦ |
| કીસમીસ (સુકી) | ૩૦૦.૦૦ | ખજુર | ૩૪.૦૦ |
| મિક્સ ચોકલેટ | ૨૦૦.૦૦ | | |

**(સ્ટોક મર્યાદિત હોવાથી માલ હશે ત્યાં સુધી મળશે.)**

લિ. જયંતિલાલ સાકરલાલ ધારિયા (દલાલ) (ચેરમેન)

તા.ક. : (૧) દિવાળી નિમિત્તે કાજુ કતરીનો ઓર્ડર તા. ૫-૧૦-૨૦૦૬ થી ૧૫-૧૦-૨૦૦૬ સુધી નોંધવામાં આવશે. તા ૧૯-૧૦-૨૦૦૬ સુધીમાં ડીલીવરી લઈ લેવી.

(૨) પ્લાસ્ટિક બોક્સના રૂા. ૨૦.૦૦ વધારાના લાગશે.

**સફેદ કાજુ કતરી રૂા. ૨૪૦.૦૦  કેસર કાજુ કતરી રૂા. ૨૬૦.૦૦**

**ઘર વપરાશની વસ્તુઓ વ્યાજબી દરે ૧૫ કિલો હોય તો ઘર બેઠા ફ્રી હોમ ડીલીવરી કરવામાં આવશે.**

બાલાસિનોરવાસીઓને ખાસ વિનંતી કે ગ્રાહક મંડળીને પોતાની સમજી ત્યાંથી જ ઘરવપરાશની વસ્તુઓની ખરીદીનો આગ્રહ રાખશો



પ્રમુખશ્રી રજનીકાંત કા. કડકીઆ (લટકારી)ના હસ્તે બહુમાન સ્વીકારતાં શ્રી નગીનદાસ લાલચંદ પારેખ



મંડળ તથા ટ્રસ્ટના હોદ્દેદારો દાતશ્રી નગીનદાસ પારેખ તથા સુરેન્દ્ર પરીખ સાથે

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) **વિજય પૂનમચંદ પરીખ**
૫/૫૦૮, આનંદ નગર, 'ડી' - વીંગ,
ફોરજેટ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૩૬.

૨) **ઉદય પ્રવિણચંદ્ર ધારીયા (ઓલ્લાં)**
સી/૩૦૮, શ્રીનાથજી પાર્ક, હરિયા હોસ્પિટલ ચારવાડા રોડ,
સૂર્યા કો. ઓપ. સો. પાસે, વાપી (ઈસ્ટ) - ૩૯૬ ૧૯૫
મો. : ઉદય - ૦૯૨૨૮૪૦૨૯૪૮
મોના-૦૯૨૨૮૩૬૯૪૪૫ફોનઃ૦૨૬૦-૬૫૩૫૬૦૮

૩) **સુરેન્દ્ર રમણલાલ દેસાઈ**
બી-૭૦૨, શીવ કેસર, સેંટ ઝેવિઅર્સ સ્કુલ રોડ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૬
ફોનઃ ૨૬૧૧ ૬૭૦૩ મો. :(હેતલ) ૯૮૨૧૦૩૪૭૬૨

૪) રાજેન્દ્રભાઈ નટવરલાલ દેસાઈ
રાજેન્દ્ર પ્રિન્ટીંગ પ્રેસની ઉપર, ૧ લે માળે,
રાજા મહેતાની પોળ, કાનજી દીવાનનો ખાંચો
કાળુપૂર (અમદાવાદ)

## તેજસ્વી તારલાં

- **કુમાર મીત અતુલ કડકીયા (રેણાવાલા)** S.S.C. માં ૯૨% સાથે ઉત્તીર્ણ થયા છે. તેની સાથે NTSE ની સ્કોલરશીપ મળી છે. તેઓને સંસ્થાવતી અભિનંદન.

- **નુપુર પ્રશાંત શેઠ** S.S.C. માં ૮૭.૬૦% સાથે ઉત્તીર્ણ થયા છે. તેઓને સંસ્થાવતી અભિનંદન.

- **કડકીયા ઉન્નતી મુકુંદ** Philosophy of Vallabh Vendanta માં ૬૭.૬% સાથે ઉત્તીર્ણ થયા છે. તેઓને સંસ્થાવતી અભિનંદન.

## નવા ફોન નંબર

૧) **રસિકલાલ મુળજીભાઈ દેસાઈ**
ઘર : ૨૩૮૯૫૭૬૮
મોબાઈલ : ૯૯૬૭૩૧૪૨૨૫

૨) **જયેશ રસિકલાલ દેસાઈ**
ઘર : ૨૩૮૯૫૭૬૮
મોબાઈલ : ૯૮૯૨૩૬૧૮૫૦

૩) **રીપલ રાજેન્દ્રકુમાર દેસાઈ**
મોબાઈલ : ૦૯૮૭૯૭૪૩૮૭૩
**સોમીલ રાજેન્દ્રકુમાર દેસાઈ**
મોબાઈલ : ૦૯૯૨૫૦૧૩૮૭૩

## શુભ લગ્ન

૧. **રિધ્ધિ** અજયકુમાર દોશી
**કુનાલ** સોહનભાઈ મોદી

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| ધારિયા નટવરલાલ ઓચ્છવલાલ (દાઉદીયા) | ૮૪ |
| ગં. સ્વ. શાંતાબેન નટવરલાલ પરીખ (જુનાગઢવાલા) | ૮૨ |
| શેઠ રશ્મી રમણલાલ (બોરડીવાલા) | ૫૧ |
| દેસાઈ તારાબેન કિર્તનલાલ (દેડકી) | ૮૯ |
| શાહ મોના ધમેન્દ્ર | ૩૪ |
| કડકીયા કુસુમબેન બાબુલાલ (મલમ) | ૭૭ |
| મિસ્ત્રી ગિરીશભાઈ પુનમચંદ | ૭૯ |
| ગં. સ્વ. સુરેખાબેન રમણલાલ તલાટી | ૮૨ |

પ્રભુ સદ્ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જ્યોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**